બુધવાર, 28 જાન્યુઆરી, 2026 મહા સુદ છઠ્ઠ

"વડોદરાથી પ્રસિદ્ધ થતું નિડર અને નિષ્પક્ષ અખબાર"

ન્યાય ક્ષેત્રે વડોદરા રહેશે.




દૈનિક પલ્સ સાથે આગળ રહો....

# દૈનિક પલ્સ

માલિક, મુદ્રક, પ્રકાશક, તંત્રી : પ્રકાશ જગદીશ રાવલ ✻ મો :૯૯૦૯૯૧૧૧૭૫ ✻ RNI NO : GJGUJ/25/A1447 ✻ Vist : www.dailypulse.org.in

રજીસ્ટર ઑફિસે : ૧૧/૩ સિદ્ધેશ્વર હોલમાર્ક, અજવા રોડ, વડોદરા ૩૯૦૦૧૯ ✻ Follow : @dailypulsenews24 ✻ દૈનિક સોશ્યિલ આવૃત્તિ ✻ કિંમત : મફત

## દેશમાં 8 લાખ બેંક કર્મચારીઓની હડતાળ: 5-ડે વીકની માગ સાથે સેવાઓ ઠપ

ગુજરાત સહિત સમગ્ર દેશમાં આજે નાણાકીય વ્યવહારો પર મોટી અસર પડી છે. 'ફાઈવ ડે બેંકિંગ સપ્તાહ' અને પગાર સુધારા જેવી પડતર માગણીઓને લઈને દેશભરના 8 લાખ અને ગુજરાતના 15,000 થી વધુ બેંક કર્મચારીઓ આજે હડતાળ પર ઉતર્યા છે. સતત ચાર દિવસ બેંકો બંધ રહેતા ચેક ક્લિયરન્સ, રોકડ વ્યવહારો અને લોન પ્રક્રિયા જેવી સેવાઓ અટકી ગઈ છે, જેનાથી વેપારીઓ અને સામાન્ય જનતાને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

અમદાવાદમાં યુનાઈટેડ ફોરમ દ્વારા યોજાયેલી રેલીમાં 12 જેટલી બેંકોના કર્મચારીઓ જોડાયા હતા. વડોદરામાં કોઠી ચાર રસ્તા પાસે બેંક ઓફ બરોડાની મુખ્ય શાખા પર કર્મચારીઓએ ભારે વિરોધ પ્રદર્શન કર્યું હતું. રાજકોટમાં 1500 અને સૌરાષ્ટ્ર-કચ્છના 5500 થી વધુ કર્મીઓએ હડતાળમાં જોડાઈને પોતાની શક્તિનું પ્રદર્શન કર્યું હતું. જૂનાગઢમાં પણ સેન્ટ્રલ બેંક પાસે કર્મચારીઓએ એકઠા થઈને ઉગ્ર સૂત્રોચ્ચાર કર્યા હતા. મુખ્ય માગણી વર્ષ 2015થી ચાલી રહેલી 'શનિ-રવિની રજા' એટલે કે પાંચ દિવસના કામકાજના સપ્તાહની છે. કર્મચારીઓનું કહેવું છે કે LIC, GIC, રિઝર્વ બેંક અને શેરબજાર જેવી સંસ્થાઓમાં પહેલેથી જ 5-ડે વીક અમલી છે. બેંક કર્મચારીઓ પર કામનું ભારણ અને માનસિક તણાવ વધતા તેઓ પણ આ સુવિધા ઈચ્છી રહ્યા છે. મહત્વની વાત એ છે કે, આ માગના બદલામાં કર્મચારીઓએ સોમવારથી શુક્રવાર સુધી દરરોજ વધારાની 40 મિનિટ કામ કરવાની તૈયારી બતાવી છે, જેથી ગ્રાહક સેવા અને કુલ કામના કલાકો પર કોઈ અસર ન પડે.

રાજકોટ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા ઓફિસર્સ એસોસિયેશનના જણાવ્યા મુજબ, અગાઉ IBA સાથે થયેલી સમજૂતીમાં બે શનિવારની રજા બાદ બાકીના શનિવાર માટે પણ સહમતી સધાઈ હતી, પરંતુ સરકારે હજુ સુધી તેના અમલીકરણની જાહેરાત કરી નથી. જો સરકાર હજુ પણ કર્મચારીઓની માગણીઓ પ્રત્યે ઉદાસીન રહેશે, તો આગામી દિવસોમાં આ આંદોલન વધુ ઉગ્ર બનશે. આજે માત્ર એક દિવસની પ્રતીકાત્મક હડતાળ છે, પરંતુ જો માંગણીઓ નહીં સંતોષાય તો અચોક્કસ મુદતની હડતાળ પર જવાની કર્મચારીઓએ તૈયારી દર્શાવી છે. ઓનલાઈન બેંકિંગ અને UPI સેવાઓ ચાલુ હોવા છતાં, અબજો રૂપિયાના ચેક ક્લિયરન્સ અટવાઈ જવાથી વેપાર જગતમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે.




**ગુજરાતના 15,000 અને દેશના 8 લાખ બેંક કર્મચારીઓ આજે 'ફાઈવ ડે વીક'ની માગ સાથે હડતાળ પર છે. 2015થી પડતર માગણીઓ મુદ્દે સરકારના મૌન સામે કર્મચારીઓએ રેલીઓ યોજી વિરોધ નોંધાવ્યો છે, જેનાથી સમગ્ર રાજ્યમાં બેંકિંગ વ્યવહારો ખોરવાયા છે.**

## મકરપુરામાં ક્રેનની અડફેટે રાહદારીનું કરુણ મોત

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરાના મકરપુરા જી.આઈ.ડી.સી. વિસ્તારમાં ક્રેનની અડફેટે એક રાહદારીનું કરુણ મોત નીપજતા અરેરાટી વ્યાપી ગઈ છે. મૃતક વિનુભાઈ ભાભોર મૂળ દાહોદ જિલ્લાના ડોકી ગામના વતની હતા અને હાલ સોમા તળાવ વિસ્તારમાં રહી મજૂરીકામ કરતા હતા. તેઓ જ્યારે મકરપુરા ડેપો પાસેથી પસાર થઈ પોતાના સંબંધીને મળવા જઈ રહ્યા હતા, ત્યારે પાછળથી આવતી એક ક્રેને તેમને અડફેટે લીધા હતા. તોતિંગ પૈડા નીચે કચડાઈ જવાથી વિનુભાઈનું સ્થળ પર જ મોત થયું હતું.

અકસ્માતની આ સમગ્ર ઘટના નજીકના સીસીટીવીમાં કેદ થઈ છે, જેમાં જોઈ શકાય છે કે યુવક પોતાની મસ્તીમાં ચાલતો હતો અને ડ્રાઈવરની બેદરકારીને કારણે આ હોનારત સર્જાઈ હતી. સ્થાનિક વેપારીઓ અને રહીશોએ આ ઘટના બાદ તંત્ર સામે આક્રોશ વ્યક્ત કર્યો છે. લોકોનું કહેવું છે કે સ્ટ્રીટ લાઈટના અભાવે અને રસ્તા પરના દબાણોને કારણે અવારનવાર આવા અકસ્માતો થાય છે. મકરપુરા પોલીસે ક્રેનચાલક વિરુદ્ધ બેદરકારીથી મોતનો ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.



## વડોદરા: અકોટા સ્ટેડિયમમાં BITA મલ્ટી ઈન્ડસ્ટ્રી એક્સપોનો પ્રારંભ

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરાનું અકોટા સ્ટેડિયમ હાલ ટેકનોલોજીના રંગે રંગાયું છે. બરોડા IT એસોસિએશન (BITA) દ્વારા આયોજિત મલ્ટી ઇન્ડસ્ટ્રી એક્સપોના બીજા દિવસે મુલાકાતીઓનો ભારે ધસારો જોવા મળ્યો હતો. 28 જાન્યુઆરી સુધી ચાલનારા આ એક્ઝિબિશનમાં IT, રિન્યુએબલ એનર્જી, પાવર સેક્ટર અને ઇન્ડસ્ટ્રિયલ પેઇન્ટ્સ જેવી વિવિધ ઇન્ડસ્ટ્રીઝે પોતાના ઉત્પાદનો રજૂ કર્યા છે. આ એક્સપોનો મુખ્ય ઉદ્દેશ્ય વડોદરાવાસીઓને નવી ટેકનોલોજી અને ઉપકરણોથી માહિતગાર કરવાનો છે.

BITA ના હોદ્દેદારોએ ઓનલાઈન શોપિંગના યુગમાં વધી રહેલા સાયબર ફ્રોડ અને છેતરપિંડી સામે પણ જાગૃતિ ફેલાવી હતી. તેઓએ લોકોને સલાહ આપી હતી કે ઓનલાઈન પ્લેટફોર્મ પર છેતરપિંડીનું જોખમ રહેલું છે, તેના બદલે સ્થાનિક વેન્ડર્સ પાસેથી ચકાસણી કરીને વસ્તુ લેવી વધુ હિતાવહ છે. સરકાર દ્વારા પણ MSME ક્ષેત્રને આ ઈવેન્ટમાં મોટો સપોર્ટ મળી રહ્યો છે.

એક્સપોમાં MSME મંત્રાલય દ્વારા 35થી વધુ એકમોને સ્ટોલ માટે સબસિડી અને નાણાકીય સહાય પૂરી પાડવામાં આવી છે. આનાથી નાના અને મધ્યમ કદના ઉદ્યોગોને રાષ્ટ્રીય સ્તરે ઓળખ મળશે અને તેમના પ્રદર્શનનો ખર્ચ પણ સરકાર દ્વારા રિઈમ્બર્સ કરવામાં આવશે. વડોદરાના ઉદ્યોગ સાહસિકો અને એન્જિનિયરિંગના વિદ્યાર્થીઓ માટે આ એક્સપો જ્ઞાન અને વ્યવસાયના નવા દ્વાર ખોલનારો સાબિત થઈ રહ્યો છે. એક્ઝિબિટર્સને પણ મિડ-સેગમેન્ટ અને કોર્પોરેટ મુલાકાતીઓ તરફથી ખૂબ સારો પ્રતિસાદ મળી રહ્યો છે.




**વડોદરાના અકોટા સ્ટેડિયમમાં 26થી 28 જાન્યુઆરી દરમિયાન BITA દ્વારા 'મલ્ટી ઈન્ડસ્ટ્રી એક્સપો'નું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં IT, ઓટોમેશન અને રિન્યુએબલ એનર્જી જેવા ક્ષેત્રોની લેટેસ્ટ ટેકનોલોજીનું પ્રદર્શન કરવામાં આવ્યું છે. MSME એકમો માટે અહીં ખાસ સબસિડીની સુવિધા પણ ઉપલબ્ધ છે.**

## સુરત ISPL: સલમાન, હૃતિક અને કરીના કપૂર સ્ટેડિયમ ગજવશે

**દૈનિક પલ્સ સમાચાર:** સુરત શહેર અત્યારે રમતગમત અને ગ્લેમરના અનોખા સંગમનું સાક્ષી બની રહ્યું છે. શહેરના લાલભાઈ કોન્ટ્રાક્ટર સ્ટેડિયમ ખાતે રમાઈ રહેલી ઇન્ડિયન સ્ટ્રીટ પ્રીમિયર લીગ (ISPL) એ ક્રિકેટ પ્રેમીઓ અને બોલિવૂડ ફેન્સમાં ભારે ક્રેઝ જન્માવ્યો છે. ૮ ટીમો વચ્ચે રમાનારી કુલ ૪૪ મેચોમાં હવે મનોરંજનનો તડકો લાગવા જઈ રહ્યો છે, કારણ કે આગામી દિવસોમાં બોલિવૂડના સુપરસ્ટાર્સ પોતાની ટીમોનું મનોબળ વધારવા સુરત આવશે.

પ્રાપ્ત વિગતો અનુસાર, ૩૦ જાન્યુઆરીએ બોલિવૂડના મેગાસ્ટાર સલમાન ખાન સુરતની મુલાકાત લેશે. તેમના આગમનને લઈને ફેન્સમાં અત્યારથી જ ભારે ઉત્સાહ છે. ત્યારબાદ ૩૧ જાન્યુઆરીએ હૃતિક રોશન સ્ટેડિયમમાં હાજરી આપીને મેચનો આનંદ માણશે. ફેબ્રુઆરી મહિનાની શરૂઆત પણ ધમાકેદાર રહેશે, કારણ કે ૧ ફેબ્રુઆરીએ સૈફ અલી ખાન અને કરીના કપૂર સ્ટેડિયમની મુલાકાત લેશે. ISPL માં જે ટીમો રમી રહી છે તેના માલિકો બોલિવૂડ અને સાઉથ ઇન્ડસ્ટ્રીના



જાણીતા ચહેરાઓ છે, જે સુરતીઓ માટે એક મોટું આકર્ષણ છે. ઉલ્લેખનીય છે કે, ટુર્નામેન્ટની શરૂઆતથી જ અનેક સેલિબ્રિટીઝે સુરતની મુલાકાત લીધી છે. જેમાં બોલિવૂડના શહેનશાહ અમિતાભ બચ્ચન, અભિષેક બચ્ચન, અજય દેવગન ઉપરાંત દક્ષિણ ભારતના લોકપ્રિય સ્ટાર્સ સૂર્યા અને રામચરણનો પણ સમાવેશ થાય છે. આ સ્ટાર્સની હાજરીને કારણે લાલભાઈ કોન્ટ્રાક્ટર સ્ટેડિયમ અત્યારે હાઉસફુલ જોવા મળી રહ્યું છે. સુરત હવે રાષ્ટ્રીય કક્ષાની સ્પોર્ટ્સ ઇવેન્ટ્સ માટે મનપસંદ હબ બની રહ્યું છે. ISPL જેવી લીગ સ્થાનિક ખેલાડીઓને ટેલેન્ટ બતાવવાની તક આપે છે, જ્યારે સેલિબ્રિટીઝની ભાગીદારી આ રમતને મનોરંજન સાથે જોડે છે. આગામી દિવસોમાં સુરતમાં સુરક્ષા વ્યવસ્થા પણ સઘન બનાવવામાં આવી છે જેથી સ્ટાર્સ અને ફેન્સ વચ્ચે કોઈ અડચણ ન આવે. સુરતીઓ માટે આ દિવસો રમત અને રંગીન દુનિયાના અદભૂત સમન્વય જેવા રહેશે.

## રત્નમાલા બ્રિજ: શોર્ટકટના ચક્કરમાં સુરતીઓની મોતની સફર

**દૈનિક પલ્સ સમાચાર:** સુરત શહેરના ટ્રાફિકને હળવો કરવા માટે બનાવેલો રત્નમાલા બ્રિજ હાલ સુરતીઓ માટે 'મોતની સફર' સમાન બની રહ્યો છે. અમરોલી, કતારગામ અને વેડરોડને જોડતા આ બ્રિજનું ગત ગુરુવારે જ ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. બ્રિજની કુલ લંબાઈ ૧૦૩૦ મીટર છે અને ટ્રાફિકની ગંભીરતાને જોતા એક તરફનો રેમ્પ વહેલો શરૂ કરાયો હતો. પરંતુ, આ નિર્ણય હવે જોખમી સાબિત થઈ રહ્યો છે કારણ કે વાહનચાલકો નિયમોનું પાલન કરવાને બદલે જોખમી રીતે રોંગ સાઈડ વાહનો દોડાવી રહ્યા છે. સ્થિતિ એ હદે વણસી છે કે દિવસ હોય કે રાત, બ્રિજ પર રોંગ સાઈડ આવતા વાહનોનું તોફાન જોવા મળે છે. લાંબા રાઉન્ડથી બચવા માટે લોકો શોર્ટકટ અપનાવી રહ્યા છે, જેનાથી સામેથી આવતા વાહનો સાથે અથડાવાનું જોખમ તોળાઈ રહ્યું છે. સોશિયલ મીડિયા પર એક સાઈકલ સવાર નાગરિકે આ બેદરકારીનો વીડિયો પોસ્ટ કર્યો છે, જેમાં સ્પષ્ટ દેખાય છે કે કેવી રીતે ટ્રાફિકના નિયમોના સરેઆમ ધજાગરા ઊડી રહ્યા છે.

આ મુદ્દે સ્થાનિકોમાં પણ ભારે નારાજગી છે. એક તરફ તંત્રની ઢીલી નીતિ અને બીજી તરફ જનતાની શિસ્તનો અભાવ—આ બંને વચ્ચે રત્નમાલા બ્રિજ હવે અકસ્માતનું સંભવિત કેન્દ્ર બની રહ્યો છે. અગાઉ આ બ્રિજ કામમાં વિલંબ અને લોકાર્પણમાં વિવાદને લઈને ચર્ચામાં રહ્યો હતો, ત્યારે હવે ટ્રાફિક વ્યવસ્થા જાળવવી એ તંત્ર માટે મોટો પડકાર બની ગયો છે.



**સુરતના રત્નમાલા બ્રિજ પર એક બાજુનો રેમ્પ શરૂ થતા જ રોંગ સાઈડ વાહનોનું ઘોડાપૂર. અકસ્માતનો ભય વધતા તંત્ર માટે પડકાર.**

સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫

# નવસારી: ગુજરાત ATSએ આતંકી ષડયંત્રના આરોપમાં ફૈઝાનને ઝડપ્યો

## નવસારી: ATSના દરોડામાં આતંકી કનેક્શન ધરાવતો યુવક ઝડપાયો

**દૈનિક પલ્સ સમાચાર:** નવસારી જિલ્લામાં આતંકી કનેક્શનની આશંકાએ ગુજરાત ATS એ મોટી કાર્યવાહી કરી છે. લાંબા સમયથી ચાલી રહેલી વોચ બાદ ઝરકવાડા વિસ્તારમાં રહેતા અને મૂળ ઉત્તર પ્રદેશના રહેવાસી ફૈઝાનની ધરપકડ કરવામાં આવી છે. ATS ને એવી શંકા હતી કે ફૈઝાન સ્થાનિક સ્તરે કોઈ મોટી આતંકી સાજિશ રચી રહ્યો છે અને હથિયારો મેળવવાના પ્રયત્નો કરી રહ્યો છે.

આ તપાસમાં સોશિયલ મીડિયાની ભૂમિકા મહત્વની રહી હતી. ફૈઝાન ઇન્સ્ટાગ્રામ પર "al.faizangaza" નામના આઈડીથી સક્રિય હતો, જેના માધ્યમથી તે શંકાસ્પદ સંપર્કો જાળવી રાખતો હતો. સંયુક્ત દરોડા દરમિયાન તેના રહેઠાણ પરથી તેને ઝડપી લેવામાં આવ્યો હતો. તેના મોબાઈલ ચેકિંગમાં જેશ-એ-મોહમ્મદ અને અલ-કાયદા જેવી સંસ્થાઓ સાથે જોડાયેલું સાહિત્ય અને ભડકાઉ વીડિયો મળી આવ્યા હોવાના દાવા કરવામાં આવ્યા છે. આ ઘટના બાદ જિલ્લાની સુરક્ષા એજન્સીઓ સતર્ક થઈ ગઈ છે. ફૈઝાન કયા ઈરાદાથી નવસારીમાં રહેતો હતો અને તેની સાથે અન્ય કયા લોકો જોડાયેલા છે, તેની તપાસ શરૂ કરવામાં આવી છે. હાલમાં તેને એસઓજી (SOG) કચેરીએ રાખવામાં આવ્યો છે, જ્યાં વિવિધ સુરક્ષા એજન્સીઓ તેની સંયુક્ત પૂછપરછ કરી રહી છે. આ ઓપરેશનથી નવસારી પંથકમાં ભારે ચકચાર મચી ગઈ છે.



**ગુજરાત ATS અને નવસારી પોલીસે સંયુક્ત ઓપરેશન હાથ ધરીને ઝરકવાડા વિસ્તારમાંથી ફૈઝાન નામના યુવકની અટકાયત કરી છે. તેના પર આતંકી સંગઠનો સાથે સંપર્કમાં હોવાનો અને હથિયારો એકઠા કરવાનું કાવતરું રચવાનો આરોપ છે. હાલ તેની ઊંડી પૂછપરછ ચાલી રહી છે.**

# જેકોબ માર્ટિન ડ્રિંક એન્ડ ડ્રાઈવ: અકોટામાં સર્જ્યો અકસ્માત

**દૈનિક પલ્સ સમાચાર:** પૂર્વ ભારતીય ક્રિકેટર જેકોબ માર્ટિન ફરી એકવાર વિવાદના વમળમાં ફસાયા છે. ૨૬ જાન્યુઆરીની મોડી રાત્રે વડોદરાના અકોટા વિસ્તારમાં જેકોબે નશાની હાલતમાં પોતાની લક્ઝરી કાર બેફામ ચલાવી અકસ્માત સર્જ્યો હતો. રાત્રે અંદાજે ૨:૩૦ વાગ્યે પુનિતનગર સોસાયટી પાસે જેકોબે સ્ટીયરિંગ પરથી નિયંત્રણ ગુમાવતા રસ્તા પર પાર્ક કરેલી કિયા સેલ્ટોસ, વેન્યુ અને સેલેરિયો કારને ભારે નુકસાન પહોંચાડ્યું હતું.

ઘટનાની જાણ થતા જ અકોટા પોલીસ કાફલો પહોંચ્યો હતો, જ્યાં જેકોબ નશામાં હોવાનું સ્પષ્ટ જણાતું હતું. તેની આંખો લાલ હતી અને તે લથડિયાં ખાઈ રહ્યો હતો. પોલીસે તેની સામે મોટર વાહન અધિનિયમ અને પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી તેની ૨૦ લાખની એમ.જી. હેક્ટર કાર જપ્ત કરી છે. જેકોબ માર્ટિનનો વિવાદો સાથે જૂનો સંબંધ છે; અગાઉ તે પોતાની દીકરીના જન્મદિવસે દારૂની મહેફિલ માણતા પકડાયા હતા અને કબૂતરબાજીના કેસમાં પણ તેમનું નામ ઉછળ્યું હતું. ભૂતકાળમાં ગંભીર બીમારી સમયે BCCI એ તેમને આર્થિક મદદ કરી હતી.



# અમદાવાદ: એજ્યુકેશન કેમ્પસમાં પ્રજાસત્તાક પર્વની પ્રેરણાદાયી ઉજવણી

**દૈનિક પલ્સ સમાચાર:** અમદાવાદના ફતેહવાડી વિસ્તારમાં આવેલા સ્કૂલ ઓફ એજ્યુકેશન કેમ્પસ ખાતે ૨૬ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ પ્રજાસત્તાક પર્વની ગૌરવપૂર્ણ ઉજવણી કરવામાં આવી. આ કાર્યક્રમ હ્યુમન ડેવલપમેન્ટ એજ્યુકેશન સોસાયટીના સંસ્થાપક શ્રી શાહનવાઝ શેખના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત ડો. નાઝનીન રાણા, ફિટનેસ કોચ કિરણબેન વેકરીયા અને મેડિકલ કોર્ડિનેટર અંજલીબેન ગેડામનું સન્માન કરવામાં આવ્યું હતું.

બાળકોએ સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા સમાજને સશક્ત સંદેશ આપ્યો હતો, જેમાં ખાસ કરીને ભ્રૂણ હત્યા વિરોધી નાટક અને દેશભક્તિના ગીતો આકર્ષણનું કેન્દ્ર રહ્યા હતા. શાહનવાઝ શેખે પોતાના પ્રવચનમાં જણાવ્યું કે દેશને પ્રગતિ પંથે લઈ જવા માટે નફરતની રાજનીતિ છોડીને પ્રેમ અને સહિયારી ભાગીદારી જરૂરી છે. તેમણે કોમી એકતા અને રોજગારીના મુદ્દાઓ પર ભાર મૂક્યો હતો. આ અવસરે 'વન-ડે વન-રૂપી દાન' યોજનાની અપીલ કરવામાં આવી, જેનો હેતુ સામાજિક ઉત્થાનનો છે. કાર્યક્રમના અંતે ઉત્કૃષ્ટ કાર્ય કરનાર સ્ટાફ અને બાળકોને રૂ. ૫૦૦૦થી વધુના ઇનામો વહેંચવામાં આવ્યા હતા. પ્રોગ્રામને સફળ બનાવવામાં ફિરોજભાઈ મેમનનું યોગદાન નોંધપાત્ર રહ્યું હતું. અંતમાં આભારવિધિ અને નાસ્તાના આયોજન સાથે કાર્યક્રમ પૂર્ણ થયો હતો. **રિપોર્ટ : સાજીદખાન પઠાણ**




# રખિયાલ: રાત્રિ પેટ્રોલિંગમાં હથિયાર સાથે શખ્સ ઝડપાયો

**દૈનિક પલ્સ સમાચાર:** અમદાવાદ શહેરના રખિયાલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગેરકાયદે હથિયારો વિરુદ્ધ ચલાવવામાં આવેલી ઝુંબેશમાં એક સફળતા મળી છે. રખિયાલ પોલીસની ટીમ જ્યારે રાત્રિ પેટ્રોલિંગમાં હતી, ત્યારે સોમા ટેક્સટાઈલ ચાલ સામેના માર્ગ પર એક શંકાસ્પદ યુવક મળી આવ્યો હતો. પોલીસે તેની તલાશી લેતા તેની પાસેથી દેશી બનાવટની એક પિસ્તોલ અને સાત જીવતા કારતુસ મળી આવ્યા હતા.

ઝડપાયેલા યુવકની ઓળખ યામીનમિયા મહબૂબમિયા (ઉંમર ૨૬, રહે. સુંદરમનગર, બાપુનગર) તરીકે થઈ છે. પોલીસે ૩૩,૦૦૦ની પિસ્તોલ અને ૭૦૦ રૂપિયાના કારતુસ ઉપરાંત, ઉપયોગમાં લેવાયેલું ૧ લાખની કિંમતનું એક્સેસ ટુ-વ્હીલર અને ૫,૦૦૦નો મોબાઈલ જપ્ત કર્યો છે. કુલ ૧,૩૮,૭૦૦ રૂપિયાનો મુદ્દામાલ કબજે લેવામાં આવ્યો છે. આ સમગ્ર કામગીરી ઈન્સ્પેક્ટર બી.જી. ચેટરિયા અને સબ-ઈન્સ્પેક્ટર એ.આર. ટાંકના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી હતી. આર્મ્સ એક્ટ હેઠળ ગુનો દાખલ કરીને આ હથિયારનો ઉપયોગ કોઈ ગુનાહિત પ્રવૃત્તિ માટે થવાનો હતો કે કેમ તે અંગે તપાસ લંબાવવામાં આવી છે.

**રિપોર્ટ : સાજીદખાન પઠાણ**




# વડોદરા: પ્રેમ લગ્નની અદાવતમાં હુમલો, 5 શખ્સો ઝડપાયા

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરામાં વાડી પોલીસે એક નાગરિક પર થયેલા જીવલેણ હુમલાના કેસમાં ત્વરિત કાર્યવાહી કરતા પાંચ આરોપીઓને જેલ ભેગા કર્યા છે. ઘટના ૨૫ જાન્યુઆરીની રાત્રે બની હતી, જ્યારે ફરિયાદી ગૌરવ કિરણભાઈ ચિંચવલે પોતાના મોપેડ પર ઘરે પરત ફરી રહ્યા હતા. અપ્સરા સ્કાયલાઈન પાસે આરોપીઓએ તેમનો રસ્તો રોકી, ધમકી આપી લાકડીઓ વડે હુમલો કર્યો હતો. આ હુમલામાં ગૌરવભાઈને પગમાં ફ્રેક્ચર અને આંગળીઓમાં ગંભીર ઈજાઓ થઈ હતી. હુમલાનું મુખ્ય કારણ પારિવારિક અદાવત હોવાનું સામે આવ્યું છે. મુખ્ય આરોપી રાકેશ મોરે અને રાજ સોનવણેને શંકા હતી કે ફરિયાદીએ તેમના પરિવારની દીકરીના પ્રેમ લગ્ન ફરિયાદીના પિતરાઈ ભાઈ સાથે કરાવવામાં મદદ કરી હતી. પોલીસે ગણતરીના કલાકોમાં રાકેશ મોરે, રાજ ઉર્ફે રજ્જુ સોનવણે, રાહુલ શર્મા, કિશન વણઝારા અને ધવલ સાળુંકેની ધરપકડ કરી છે. ગુનામાં ઉપયોગમાં લેવાયેલું એક્ટિવા અને રિક્ષા પણ કબજે લેવામાં આવ્યા છે. બીએનએસ (BNS) ની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી આગળની તપાસ શરૂ કરવામાં આવી છે.

# વડોદરા: ડભોઈ રોડના રીઢા ગુનેગારની પાસા હેઠળ અટકાયત

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરા શહેર પોલીસની પ્રિવેન્શન ઓફ ક્રાઈમ બ્રાન્ચ (PCB) એ દારૂના ગેરકાયદેસર કારોબારમાં સંડોવાયેલા એક રીઢા ગુનેગાર સામે પાસા હેઠળ પગલાં ભરી તેને જેલ ભેગો કર્યો છે. ડભોઈ રોડ વિસ્તારમાં રહેતો સંજય ઉર્ફે ભાયો સૈયદભાઈ ઠાકોર લાંબા સમયથી દારૂની હેરાફેરીમાં સક્રિય હતો. પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે, આરોપી મધ્યપ્રદેશના ચાંદપુરથી વિદેશી દારૂનો જથ્થો વડોદરા લાવવા માટે લક્ઝરી કારનો ઉપયોગ કરતો હતો.પોલીસે તેની પાસેથી ૧,૨૦૬ બોટલ દારૂ, હ્યુન્ડાઈ ક્રેટા કાર અને મોબાઈલ ફોન મળીને લાખોનો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ ગુનામાં આરોપીએ વાહન પર ખોટી નંબર પ્લેટ લગાવી હોવાનું પણ ખુલ્યું હતું. સંજય ઠાકોર સામે વડોદરા અને આસપાસના જિલ્લાઓના વિવિધ પોલીસ સ્ટેશનોમાં દારૂબંધીના ૧૩ જેટલા ગંભીર ગુનાઓ નોંધાયેલા છે. વારંવાર ગુના આચરવાની તેની આદતને કારણે પોલીસ કમિશનર નરસિમ્હા કોમરે કડક વલણ અપનાવી પાસાનું વોરંટ ઈશ્યુ કર્યું હતું. આ આદેશના અમલીકરણ સાથે પીસીબીની ટીમે સંજયની અટકાયત કરી તેને રાજકોટ મધ્યસ્થ જેલ ખાતે મોકલી આપ્યો છે. વડોદરા પોલીસે અગાઉ પણ અનેક બુટલેગરો સામે આ પ્રકારે પાસા હેઠળ કાર્યવાહી કરી છે, પરંતુ ૧૩ ગુનાનો ઇતિહાસ ધરાવતા આરોપી સામેની આ કાર્યવાહી સમાજમાં કડક સંદેશ આપે છે. શહેરમાં શાંતિ જળવાય અને નશાના કારોબાર પર લગામ કસાય તે હેતુથી આ ઓપરેશન પાર પાડવામાં આવ્યું છે.

# અંગત અદાવતમાં વાહનો સળગાવનાર બે શખ્સો પકડાયા

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરા શહેરના વારસીયા પોલીસ મથકની હદમાં વાહનોમાં આગ લગાવવાના ચકચારી કેસમાં બે મુખ્ય આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. ગત ૨૬ નવેમ્બર ૨૦૨૫ના રોજ મોડી રાત્રે વારસીયાના ગણેશનગર સોસાયટીના કોમન પ્લોટમાં પાર્ક કરેલી ત્રણ લક્ઝરી કાર - થાર, રેનો ટ્રાઈબર અને હ્યુન્ડાઈ વેન્યુને અજાણ્યા શખ્સોએ આગ ચાંપી હતી. આ ઘટનામાં ત્રણેય વાહનોને ભારે નુકસાન થયું હતું.

તપાસ દરમિયાન બહાર આવ્યું હતું કે, અંગત અદાવત રાખીને હેરી ઉર્ફે હિમાંશુ લુધવાણી અને વિવેક ઉર્ફે બંટીએ આ કૃત્ય આચર્યું હતું. હેરી સામે અગાઉ ૧૩ જેટલા ગુના નોંધાયેલા છે અને તે ભાવનગર તથા સુરત ખાતે પાસા હેઠળ જેલમાં પણ જઈ આવ્યો છે. જ્યારે વિવેક સામે છેતરપિંડી અને મારામારીના ૬ ગુના દાખલ છે. પોલીસે આ બંને વોન્ટેડ શખ્સોને શોધી કાઢીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ ધરપકડથી વિસ્તારમાં અસામાજિક તત્વોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

# ગાંધીનગર: ઠાકોર સમાજનું અભ્યુદય મહાસંમેલન અને સરસ્વતીધામનું ખાતમુહૂર્ત

**દૈનિક પલ્સ સમાચાર:** ગાંધીનગરના આંગણે ઠાકોર સમાજનું 'અભ્યુદય મહાસંમેલન' સામાજિક પરિવર્તનનું સાક્ષી બન્યું. અડધી રાતથી ઉમટેલા હજારો લોકોએ સમાજની એકતાનો પરિચય આપ્યો હતો. સંમેલનમાં અલ્પેશ ઠાકોરે હુંકાર કર્યો હતો કે જો તેઓ રાજનીતિમાં સમાજને કંઈ આપી ન શકે તો રાજનીતિ છોડી દેશે. તેમણે શિક્ષણને જ સાચું હથિયાર ગણાવી તાલુકા મથકોએ હોસ્ટેલ અને ભવનો બનાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. સાંસદ ગેનીબેન ઠાકોરે મહિલા સશક્તિકરણની વાત કરતા જણાવ્યું કે દીકરીઓને ૧૨મા ધોરણ પછી સીધા લગ્ન કરાવવાને બદલે તેમને ઉચ્ચ શિક્ષણ અને રોજગાર માટે તૈયાર કરવી જોઈએ. તેમણે યુવાનોને IAS-IPS બનવાનું સ્વપ્ન જોવાની અપીલ કરી હતી. અભિનેતા વિક્રમ ઠાકોરે પણ કલાકારો અને નાના વ્યવસાયીઓના પ્રશ્નોને મંચ પર વાચા આપી હતી. કાર્યક્રમમાં રાકેશ બારોટ અને કીર્તિદાન ગઢવીના ગીતો પર સમાજના યુવાનો ઝૂમી ઉઠ્યા હતા. આ સંમેલન માત્ર રાજકીય શક્તિ પ્રદર્શન નહીં, પરંતુ સામાજિક શુદ્ધિકરણનું માધ્યમ બન્યું હોય તેમ લાગતું હતું. સરસ્વતીધામના ભૂમિપૂજન સાથે સમાજે જમીનો સાચવી રાખવા અને ખોટા ખર્ચાઓ ટાળવાનો સંકલ્પ લીધો હતો. ૭ હજારથી વધુ ગામડાઓના પ્રતિનિધિઓની હાજરીએ આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.




**ગાંધીનગરના રામકથા મેદાનમાં ઠાકોર સમાજનું 'અભ્યુદય મહાસંમેલન' યોજાયું હતું. જેમાં અલ્પેશ ઠાકોર અને ગેનીબેન ઠાકોર સહિતના અગ્રણીઓએ શિક્ષણ, વ્યસનમુક્તિ અને સામાજિક એકતાનો હુંકાર કર્યો હતો. આ પ્રસંગે ૨૦૦૦ વિદ્યાર્થીઓ માટેના 'સરસ્વતીધામ' છાત્રાલયનું ભૂમિપૂજન કરી શિક્ષણ ક્ષેત્રે નવી ક્રાંતિનો સંકલ્પ લેવાયો હતો.**

## પોષીણા: લાખોના ગાંજા સાથે રાજસ્થાનનો શખ્સ ઝડપાયો



**દૈનિક પલ્સ સમાચાર:** સાબરકાંઠાના પોષીણા તાલુકામાં નશીલા પદાર્થોની હેરાફેરી સામે સ્ટેટ મોનિટરિંગ સેલે કાર્યવાહી કરી છે. અજવાસ ગામ પાસે પાડવામાં આવેલા દરોડામાં ૧૪.૮૪૨ કિલોગ્રામ ગાંજો મળી આવ્યો હતો, જેની કિંમત ૭.૪૨ લાખ રૂપિયા છે. આ મામલે રાજસ્થાનના અમરારામ લૌર અને પોષીણાના મોહન બુબડિયાની ધરપકડ કરવામાં આવી છે. તેમની પાસેથી મોબાઈલ અને રોકડ સહિત કુલ ૭.૬૪ લાખનો મુદ્દામાલ જપ્ત કરી આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.

## નિકોલ: યુવકે કેનાલમાં કૂદતા પહેલા FB લાઈવમાં કર્યા આક્ષેપ



**દૈનિક પલ્સ સમાચાર:** અમદાવાદના નિકોલમાં રહેતા ભાવેશ પટેલે દહેગામ પાસેની ઝાક-જલુન્દ્રા કેનાલમાં ઝંપલાવ્યું છે. આ અંતિમ પગલું ભરતા પહેલા તેણે કારમાં બેસી ફેસબુક લાઈવ કરી સંજય અને ગીરીશ બાલધા નામના બે ભાઈઓ પર માનસિક ત્રાસનો ગંભીર આક્ષેપ કર્યો હતો. ઘટનાની જાણ થતા જ ફાયર બ્રિગેડની ટીમે ૨ કિલોમીટર સુધી સર્ચ ઓપરેશન હાથ ધર્યું છે. પોલીસના જણાવ્યા મુજબ, લાશ ન મળતા હજી સત્તાવાર નોંધ કરવામાં આવી નથી.

## બાળમેળામાં મોબાઈલ ચોરતી મહિલાને લોકોએ પકડી



**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરાના કમાટીબાગ બાળમેળામાં ૨૦થી વધુ લોકોના મોબાઈલ ચોરાયાની બૂમો ઉઠી હતી. આ દરમિયાન મોબાઈલ ચોરી કરતા નડિયાદની કિરણબેન દંતાણી નામની મહિલા પકડાઈ જતાં લોકોએ તેને મેથીપાક ચખાડ્યો હતો. સયાજીગંજ પોલીસે મહિલાની ધરપકડ કરી તેની પાસેથી ૫ મોંઘા મોબાઈલ ફોન રિકવર કર્યા છે. અનેક વાલીઓએ ફરિયાદ કરી છે કે મોબાઈલ ચોરી થવાથી બાળકોના અભ્યાસ પર માઠી અસર પડી રહી છે.

# લુણાવાડા: કિસાન વિદ્યાલયમાં ભણેલી દીકરીના હસ્તે ધ્વજવંદન યોજાયું

## દીકરીના પ્રણામ દેશને નામ: લુણાવાડામાં પ્રજાસત્તાક પર્વ

**દૈનિક પલ્સ સમાચાર:** લુણાવાડામાં આવેલી કિસાન માધ્યમિક વિદ્યાલય ખાતે પ્રજાસત્તાક પર્વ નિમિત્તે "દીકરીના પ્રણામ, દેશને નામ" કાર્યક્રમ અત્યંત ઉત્સાહપૂર્વક ઉજવવામાં આવ્યો. ભારત સરકારના "બેટી બચાઓ, બેટી પઢાઓ" અભિયાનને ગ્રામ્ય સ્તરે વેગ આપવા માટે રાજ્ય સરકાર દ્વારા આ વિશેષ પહેલ કરવામાં આવી છે. જે મુજબ, ગામની દીકરીઓ પૈકી જે દીકરીએ સૌથી વધુ શિક્ષણ મેળવ્યું હોય તેના હસ્તે ધ્વજવંદન કરાવવામાં આવે છે. આ વર્ષે કિસાન માધ્યમિક વિદ્યાલયમાં ધ્વજવંદનનું માન એડવોકેટ ચેતનાબેન જોશીને ફાળવવામાં આવ્યું હતું. તેઓ આ જ શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીની હોવાથી શાળા પરિવારમાં અનેરો આનંદ જોવા મળ્યો હતો. ચેતનાબેને રાષ્ટ્રધ્વજ લહેરાવીને દેશની રક્ષા અને વિકાસ માટે કટિબદ્ધ થવાના શપથ લેવડાવ્યા હતા. આ પ્રસંગે શાળાના વિદ્યાર્થીઓએ સાંસ્કૃતિક નૃત્યો અને દેશભક્તિ ગીતો રજૂ કરીને હાજર જનમેદનીને મંત્રમુગ્ધ કરી દીધી હતી. સરદાર વલ્લભભાઈ પટેલના રાષ્ટ્ર નિર્માણમાં યોગદાન અંગે વિદ્યાર્થીઓએ પ્રેરણાદાયી વક્તવ્ય આપ્યા હતા. વર્ષ દરમિયાન વિવિધ સ્પર્ધાઓ અને અભ્યાસમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓને મેડલ અને પ્રમાણપત્રો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમે દીકરીઓના આત્મવિશ્વાસમાં વધારો કરવાની સાથે સમાજમાં શિક્ષણના મહત્વનો સંદેશ પ્રસરાવ્યો છે.



**લુણાવાડાની કિસાન માધ્યમિક વિદ્યાલયમાં પ્રજાસત્તાક પર્વની પ્રેરણાદાયી ઉજવણી કરવામાં આવી. "દીકરીના પ્રણામ, દેશને નામ" અભિયાન હેઠળ ગામની સૌથી વધુ શિક્ષિત દીકરી અને એડવોકેટ ચેતનાબેન જોશીના હસ્તે ધ્વજવંદન કરાયું, જેનો મુખ્ય હેતુ કન્યા કેળવણીને પ્રોત્સાહન આપવાનો હતો.**

# બનાસકાંઠા: ગાય બચાવવા જતાં જીપડાલુ ઝાડમાં અથડાયું

**દૈનિક પલ્સ સમાચાર:** બનાસકાંઠાના કાંકરેજ પંથકમાં માર્ગ પર રખડતા પશુને કારણે વધુ એક અકસ્માત સર્જાયો છે. ગત રાત્રિના સમયે શિહોરી-દિયોદર હાઈવે પર કુંવારવા ગામ નજીક એક જીપડાલુ ઝાડ સાથે અથડાતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. મળતી વિગતો અનુસાર, આ જીપડાલુ હડાદ તાલુકાના તોરણીયા ગામથી રૂ ભરીને દિયોદર તરફ જઈ રહ્યું હતું.

કુંવારવા પાસે અચાનક એક ગાય રસ્તા પર આવી જતાં ચાલકે તેને બચાવવા માટે બ્રેક મારી હતી, જેના કારણે વાહન પરનો કાબૂ જતો રહ્યો હતો અને જીપડાલુ સીધું રોડ સાઈડના લીમડાના ઝાડમાં ઘુસી ગયું હતું. આ ટક્કર એટલી જોરદાર હતી કે જીપડાલામાં સવાર ચાર વ્યક્તિઓને ગંભીર ઇજાઓ થઈ હતી. ત્રણ મુસાફરોને હાથ-પગમાં ફ્રેક્ચર જેવી ઇજાઓ પહોંચી છે. ઘટનાના પગલે સ્થાનિકો દોડી આવ્યા હતા અને ઇજાગ્રસ્તોને ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા શિહોરી સરકારી હોસ્પિટલમાં ખસેડ્યા હતા. પ્રાથમિક સારવાર બાદ ઇજાગ્રસ્તોની હાલત ગંભીર જણાતા તેમને પાટણની મોટી હોસ્પિટલમાં વધુ સારવાર માટે ખસેડવાની ફરજ પડી હતી.





# મહીસાગર: વીરપુરમાં બે બાઈક વચ્ચે ભીષણ અકસ્માત, બે ના કરુણ મોત

**દૈનિક પલ્સ સમાચાર:** મહીસાગર જિલ્લાના વીરપુર પંથકમાં માર્ગ અકસ્માતોનો સિલસિલો યથાવત રહ્યો છે. આજે વીરપુર-ડેભારી રોડ પર આવેલા બારોડા ગામ પાસે એક કાળજું કંપાવનારો અકસ્માત સર્જાયો હતો. સુજલામ સુફલામ કેનાલ નજીકના વળાંક પાસે બે પુરપાટ ઝડપે આવતી બાઇકો સામસામે અથડાઈ હતી. આ ભયાનક અથડામણમાં બંને બાઇક સવારોના ઘટનાસ્થળે જ પ્રાણ પંખેરુ ઉડી ગયા હતા. બનાવને પગલે રોડ પર ચીસાચીસ મચી ગઈ હતી અને લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા મુજબ, અકસ્માત બાદ બંને બાઇકની હાલત જોતા અકસ્માત કેટલો ભીષણ હશે તેનો અંદાજ લગાવી શકાય છે. સ્થાનિકોની મદદથી ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરવામાં આવી હતી, પરંતુ સારવાર મળે તે પહેલા જ બંને યુવકો દમ તોડી ચૂક્યા હતા. ઘટનાની જાણ થતા જ વીરપુરની ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી અને ટ્રાફિક ક્લિયર કરાવી તપાસ શરૂ કરી હતી. પોલીસે બંને મૃતદેહોનો કબજો સંભાળી પોસ્ટમોર્ટમ માટે સરકારી હોસ્પિટલ ખાતે ખસેડ્યા છે. મૃતકો ક્યાંના વતની છે અને કયા કામે જઈ રહ્યા હતા તે અંગેની તપાસ ચાલી રહી છે. આ ઘટનાને પગલે મૃતકોના પરિવારજનોમાં શોકનું મોજું ફરી વળ્યું છે. રસ્તાઓ પર વધતી ઝડપ ફરી એકવાર બે પરિવારો માટે માતમનું કારણ બની છે.



**મહીસાગરના વીરપુર-ડેભારી માર્ગ પર બારોડા ગામ પાસે બે બાઇક સામસામે અથડાતા ભયાનક અકસ્માત સર્જાયો હતો. આ દુર્ઘટનામાં બંને બાઇક સવારના ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યા હતા. તંત્ર દ્વારા હાલ મૃતકોની ઓળખ કરવાની અને આગળની તપાસની કામગીરી હાથ ધરવામાં આવી છે.**

# વીરપુર: વીજ લાઈન પર કામ કરતા કર્મચારીનું કરંટથી મોત

**દૈનિક પલ્સ સમાચાર:** મહીસાગર જિલ્લાના વીરપુર તાલુકાના સાલૈયા ગામ પાસે આજે એક અત્યંત દુઃખદ અકસ્માત સર્જાયો હતો. વીજ લાઈનમાં જરૂરી મરામત અને મેન્ટેનન્સનું કામ ચાલી રહ્યું હતું તે દરમિયાન ઇલેક્ટ્રિક આસિસ્ટન્ટ તરીકે કાર્યરત જે.કે. ડાભી લાઈન પર કામ કરી રહ્યા હતા. આ પ્રક્રિયા દરમિયાન અચાનક જીવંત વીજ લાઈનમાંથી જોરદાર કરંટ લાગતા જે.કે. ડાભી થાંભલા પરથી પટકાયા હતા અથવા ત્યાં જ ગંભીર રીતે દાઝી ગયા હતા, જેના કારણે તેમનું સ્થળ પર જ મોત નીપજ્યું હતું.

બનાવની જાણકારી મળતા જ આસપાસના લોકો અને સાથી કર્મચારીઓ મદદે દોડી આવ્યા હતા. તુરંત એમ્બ્યુલન્સ મારફતે તેમને સરકારી દવાખાને ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈ MGVCL લુણાવાડા ડિવિઝનના અધિકારીઓ પણ સાલૈયા પહોંચી ગયા હતા. ટેકનિકલ ખામી કે કોઈ અન્ય કારણોસર આ અકસ્માત સર્જાયો તે અંગે વિભાગ દ્વારા વિગતવાર તપાસ શરૂ કરવામાં આવી છે. એક નિષ્ઠાવાન કર્મચારીના ગુમાવવાથી વીજ વિભાગના કર્મચારીઓમાં શોકની લાગણી ફેલાઈ છે.



# UGCના નવા કાયદાનો વિરોધ: સવર્ણોએ ગણાવ્યો 'કાળો કાયદો'

**દૈનિક પલ્સ સમાચાર:** UGC (યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન) ના નવા નિયમો સામે ઉત્તર પ્રદેશ અને દિલ્હી બાદ હવે ગુજરાતમાં પણ વિરોધના પડઘમ સંભળાઈ રહ્યા છે. સુરત, રાજકોટ અને મહેસાણા સહિતના શહેરોમાં સવર્ણ સમાજના વિવિધ સંગઠનો રસ્તા પર ઉતરી આવ્યા છે. ગત ૧૩ જાન્યુઆરીએ UGCએ કેમ્પસમાં જાતિગત ભેદભાવ રોકવા માટે નવા નિર્દેશો જાહેર કર્યા હતા, જે રોહિત વેમુલા અને પાયલ તડવી જેવા કિસ્સાઓને ધ્યાને રાખીને બનાવાયા છે. જોકે, સવર્ણ સંગઠનો આ વ્યવસ્થાને પક્ષપાતી ગણાવી રહ્યા છે. રાજકોટમાં બ્રહ્મ સમાજ અને કરણી સેનાએ સાથે મળીને કલેક્ટરને રજૂઆત કરી હતી. આગેવાનોના મતે, આ કાયદો સવર્ણ વિદ્યાર્થીઓને ટાર્ગેટ કરવા માટેનું શસ્ત્ર બની શકે છે. નવી સમિતિઓમાં સવર્ણ પ્રતિનિધિઓનો અભાવ અને ફરિયાદના કડક સમયગાળાને લઈને ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. બ્રહ્મ સમાજના આગેવાન મિલન શુક્લાએ જણાવ્યું કે, OBC વર્ગ માટે આવી કડક જોગવાઈઓની કોઈ માંગ નહોતી છતાં સરકારે આ નિયમો લાદ્યા છે. સુરતમાં શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજે રાષ્ટ્રપતિને સંબોધતું આવેદનપત્ર પાઠવી આ 'કાળા કાયદા'ને રદ કરવાની માંગ કરી છે. સવર્ણ સંગઠનોએ ચીમકી આપી છે કે જો વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે ચેડાં થશે તો તેઓ શાંત બેસશે નહીં. જ્ઞાતિ આધારિત આ નવા નિયમોથી કેમ્પસમાં અશાંતિ ફેલાશે તેવી ભીતિ પણ વ્યક્ત કરવામાં આવી છે.



# વડોદરા: સ્મશાનોની દુર્દશા મુદ્દે આપ અને સામાજિક સંસ્થાઓની રજૂઆત

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરા શહેરની શાન ગણાતા સ્માર્ટ સિટી પ્રોજેક્ટની પોલ આજે સ્મશાનોની હાલતે ખોલી નાખી છે. શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલા સ્મશાનોમાં પાયાની સુવિધાઓનો એવો અભાવ છે કે લોકોએ મજબૂરીમાં પોતાના સ્વજનોના અંતિમ સંસ્કાર ગંદકી અને અસુવિધાઓ વચ્ચે કરવા પડે છે. આ સંવેદનહીન તંત્રને જગાડવા માટે આજે સામાજિક સંસ્થાઓ અને આમ આદમી પાર્ટીએ મ્યુનિસિપલ કમિશનર સમક્ષ ઉગ્ર આક્રોશ વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમમાં હાજર સામાજિક કાર્યકર્તા મહેન્દ્રસિંહ બાપુ, યોગેન્દ્ર બારોટ અને રાજેશ માળીએ પુરાવા સાથે રજૂઆત કરી હતી કે સ્મશાનોમાં પીવાનું પાણી, લાઈટ, બેસવાની વ્યવસ્થા અને રસ્તાઓ અત્યંત બિસ્માર હાલતમાં છે. બીજી તરફ આમ આદમી પાર્ટીના અગ્રણી અશોક ઓઝા, વિનયભાઈ ચૌહાણ અને મોટી સંખ્યામાં હાજર સૈનિકોએ તંત્રની દાનત સામે સવાલ ઉઠાવ્યા હતા. તેમણે આક્ષેપ કર્યો કે કરોડોના ખર્ચે બનતા વિદ્યુત દાહગૃહો શોભાના ગાઠિયા સમાન છે અને વરસાદી શેડના અભાવે અંતિમ વિધિમાં જે હાલાકી પડે છે તે તંત્રની ઘોર નિષ્ફળતા છે.

રજૂઆત દરમિયાન એવું પણ સામે આવ્યું કે તંત્ર માત્ર કાગળ પર જ સ્મશાનોનું મેન્ટેનન્સ બતાવે છે, જ્યારે વાસ્તવિકતામાં ગંદકીના ગંજ ખડકાયેલા હોય છે. સામાજિક કાર્યકરોએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે સ્મશાન એ કોઈ રાજકીય અખાડો નથી પણ લોક આસ્થાનું કેન્દ્ર છે, ત્યાં પણ જો ભ્રષ્ટાચાર અને બેદરકારી નડતી હોય તો તે દુર્ભાગ્યપૂર્ણ છે. કમિશનરે આ બાબતને ગંભીર ગણાવીને વહેલી તકે કાર્યવાહી કરવાની ખાતરી આપી છે. પરંતુ પ્રશ્ન એ છે કે અત્યાર સુધી શું તંત્ર ઊંઘતું હતું? 'દૈનિક પલ્સ' ના અહેવાલ મુજબ જો પંદર દિવસમાં સુવિધાઓ નહીં સુધરે તો શહેરના નાગરિકો કોર્પોરેશનનો ઘેરાવો કરશે. સ્મશાન જેવી પવિત્ર જગ્યાએ પણ જો સુવિધા ન આપી શકાતી હોય, તો આ શાસકોએ સત્તા પર રહેવાનો કોઈ નૈતિક અધિકાર નથી.

**વડોદરાના સ્મશાનોમાં પાયાની સુવિધાઓના નામે મીંડું છે. ગંદકી અને જર્જરિત હાલતથી કંટાળી સામાજિક સંસ્થાઓ અને આમ આદમી પાર્ટીએ મ્યુનિસિપલ કમિશનરને ઉગ્ર રજૂઆત કરી હતી. અંતિમ સંસ્કાર જેવા સંવેદનશીલ સ્થળે પણ તંત્રની ઘોર બેદરકારી ઉઘાડી પડી છે.**

# રામનાથ સ્મશાન વિવાદ: નવીનીકરણ સામે જ્ઞાતિઓનો રોષ

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરાના ઐતિહાસિક રામનાથ મહાદેવ સ્મશાનના નવીનીકરણની કામગીરી હાલ ચર્ચાના ચગડોળે ચડી છે. સ્મશાનના રિઝર્વેશન અને નવીનીકરણના ભાગરૂપે ત્યાં આવેલી તમામ જૂની ચિતાઓ તોડી પાડવાનું આયોજન છે, જેનો સ્થાનિક વિવિધ સમાજો દ્વારા સખત વિરોધ કરવામાં આવી રહ્યો છે. ચુનારા સમાજ, માળી સમાજ અને ઉદા પટેલ સમાજના આગેવાનોએ રજૂઆત કરી છે કે રામનાથ સ્મશાનમાં વર્ષોથી દરેક જ્ઞાતિ માટે અંતિમ ક્રિયા માટેની અલગ જગ્યાઓ નિર્ધારિત કરવામાં આવી હતી. આ સામાજિક વ્યવસ્થા અને આસ્થા સાથે ચેડાં કરવામાં આવે તે સ્વીકાર્ય નથી. જો તમામ ચિતાઓ  તોડી નાખવામાં આવશે તો વર્ષો જૂની પરંપરા ખોરવાઈ જશે. સમાજના લોકોની માંગ છે કે નવીનીકરણ થાય તે આવકાર્ય છે, પરંતુ જે તે સમાજની અંતિમ ક્રિયાની અલગ વ્યવસ્થા અને ઓળખ જળવાઈ રહેવી જોઈએ. જો તંત્ર દ્વારા આ બાબતે યોગ્ય નિર્ણય લેવામાં  નહીં આવે, તો આગામી સમયમાં ઉગ્ર લડત આપવાની તૈયારીઓ પણ દર્શાવવામાં આવી છે.

**વડોદરા સ્થિત રામનાથ સ્મશાનના રિડેવલપમેન્ટ પ્રોજેક્ટમાં તમામ જૂની ચિતાઓ તોડી નાખવાની હિલચાલને પગલે વિવાદ છેડાયો છે. ખાસ કરીને ચુનારા સમાજ, માળી સમાજ અને ઉદા પટેલ સમાજમાં આ નિર્ણય સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. વર્ષોથી આ સ્મશાનમાં દરેક સમાજ માટે અંતિમ ક્રિયાની અલગ-અલગ વ્યવસ્થા અને રિઝર્વેશન હતું, જેને તોડવાનો પ્રયાસ થઈ રહ્યો હોવાનો આક્ષેપ છે. સામાજિક આગેવાનોનું કહેવું છે કે જો પરંપરાગત વ્યવસ્થામાં ફેરફાર થશે તો આગામી દિવસોમાં તમામ સમાજો સંગઠિત થઈને ઉગ્ર વિરોધ પ્રદર્શન કરશે.**

# વડોદરામાં મતદાર યાદી સાથે ચેડાં: કોંગ્રેસનો કલેક્ટર પર પ્રહાર

**દૈનિક પલ્સ સમાચાર**: વડોદરામાં મતાધિકારના ચીરહરણ કરવાનો ઘૃણાસ્પદ પ્રયાસ થઈ રહ્યો હોય તેવું વાતાવરણ સર્જાયું છે. વડોદરા શહેર કોંગ્રેસ સમિતિએ આજે કલેક્ટર કચેરીમાં ધસી જઈને વહીવટી તંત્રની ઉંઘ ઉડાડી દીધી છે. કોંગ્રેસનો સીધો આક્ષેપ છે કે, સત્તાના નશામાં ચૂર થઈને કેટલાક તત્વો સાચા મતદારોના નામ મતદાર યાદીમાંથી કઢાવવા માટે ફોર્મ નં. ૭ નો બેફામ દુરુપયોગ કરી રહ્યા છે. આ કોઈ નાની વાત નથી, પરંતુ મતદારોના અધિકાર પર તરાપ મારવાનું પદ્ધતિસરનું ષડયંત્ર છે.

કોંગ્રેસના નેતાઓએ રોષે ભરાઈને જણાવ્યું કે, વડોદરાના વિવિધ વિસ્તારોમાં જેન્યુઈન અને જાગૃત મતદારોને ટાર્ગેટ કરવામાં આવ્યા છે. કિન્નાખોરી રાખીને આવા મતદારોના નામ ડિલીટ કરવા માટે બલ્કમાં વાંધા અરજીઓ (ફોર્મ નં. ૭) ભરાઈ રહી છે. સૌથી વધુ ચોંકાવનારી બાબત એ છે કે તંત્ર આ બાબતે મૌન સેવી રહ્યું છે. શું વહીવટી તંત્ર આ ષડયંત્રમાં ભાગીદાર છે? તેવો તીખો સવાલ કોંગ્રેસે ઉઠાવ્યો છે. આવેદન પત્રમાં માગણી કરવામાં આવી છે કે, બી.એલ.ઓ. (BLO) કે અન્ય કોઈ અધિકારીએ રૂબરૂ પંચનામું કર્યા વગર કે મતદારની હાજરી વગર કોઈ પણ સંજોગોમાં નામ કમી કરવું નહીં. કોંગ્રેસે ચીમકી આપી છે કે, જો એક પણ સાચા મતદારનું નામ રાજકીય ઈશારે ડિલીટ કરવામાં આવશે, તો વડોદરાના રસ્તાઓ પર ઉગ્ર આંદોલન છેડાશે. સાચા મતદારોને વાંધાના નામે ટાર્ગેટ કરવાની આ પ્રથા લોકશાહી માટે કેન્સર સમાન છે. તંત્રએ તાત્કાલિક અસરથી તમામ વાંધા અરજીઓનું ઓડિટ કરવું જોઈએ અને ખોટા ઈરાદે ફોર્મ ભરનારાઓ સામે ફોજદારી ગુનો દાખલ કરવો જોઈએ. શું કલેક્ટર અને ચૂંટણી તંત્ર નિષ્પક્ષ રહીને આ ષડયંત્રને રોકશે કે પછી સત્તાના દબાણ હેઠળ સાચા મતદારોનો ભોગ લેવાશે? તે હવે જોવાનું રહ્યું. **રિપોર્ટ : હેમંત (હૅપ્પી)**



# વડોદરા: શ્લોક યોગ ગ્રુપે યોગ અને સંસ્કૃતિ સાથે ગણતંત્ર દિવસ ઉજવ્યો

## વડોદરામાં યોગ અને દેશભક્તિનો સંગમ: શ્લોક યોગ ગ્રુપ

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરાના વાઘોડિયા રોડ સ્થિત પૂજા પાર્કમાં ૭૭મા ગણતંત્ર દિવસના અવસરે શ્લોક યોગ ગ્રુપની મહિલાઓએ યોગ અને દેશભક્તિની અનોખી છટા બિખેરી હતી. યોગાચાર્ય ઋતુ બાયટી દ્વારા આયોજિત આ ભવ્ય સાંસ્કૃતિક અને યોગ કાર્યક્રમે સ્થાનિક રહીશોના મન મોહી લીધા હતા. મુખ્ય અતિથિ તરીકે ગુજરાત રાજ્ય યોગ બોર્ડના એરિયા એક્સપર્ટ યોગાચાર્ય રમા વત્સ અને વિશિષ્ટ અતિથિ તરીકે મોરારજી દેસાઈ રાષ્ટ્રીય યોગ સંસ્થાનના શિક્ષિકા દીપિકાજીએ કાર્યક્રમની ગરિમા વધારી હતી. મહિલાઓએ રંગારંગ સાંસ્કૃતિક પ્રસ્તુતિઓ સાથે કઠિન યોગ આસનોનું સામૂહિક પ્રદર્શન કરીને સૌને આશ્ચર્યચકિત કરી દીધા હતા. પોતાના સંબોધનમાં રમા વત્સે જણાવ્યું હતું કે આ પ્રકારના આયોજનો સમાજમાં સ્વાસ્થ્ય પ્રત્યે ચેતના જાગૃત કરે છે. તેમણે મહિલાઓની સક્રિય ભાગીદારીની પ્રશંસા કરતા કહ્યું કે જ્યારે પરિવારની મહિલા યોગ સાથે જોડાય છે, ત્યારે આખો સમાજ સ્વસ્થ બને છે. દીપિકાજીએ પણ દૈનિક જીવનમાં શિસ્ત અને યોગનું મહત્વ સમજાવ્યું હતું. કાર્યક્રમમાં સામેલ મહિલાઓના જોશ અને દેશભક્તિના ગીતોએ સમગ્ર વાતાવરણને તિરંગાના રંગે રંગી દીધું હતું. અંતે તમામ સહભાગીઓ અને અતિથિઓનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો અને સામૂહિક રાષ્ટ્રગીત સાથે આ યાદગાર ગણતંત્ર દિવસની ઉજવણી સંપન્ન થઈ હતી.







# વડોદરા: પાણીગેટમાં યુવક પર હુમલો, હુમલાખોરની શોધખોળ

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરાના પાણીગેટ વિસ્તારમાં શાંતિપૂર્ણ માહોલ વચ્ચે હનુમાનજી મંદિર પાસે લોહીયાળ સંઘર્ષની ઘટના બની છે. અહીં એક યુવક પર તીક્ષ્ણ હથિયાર અથવા બોથડ પદાર્થ વડે હુમલો કરવામાં આવ્યો હોવાની વિગતો પ્રાપ્ત થઈ રહી છે. ઘટનાની જાણકારી મળતા જ સંબંધિત વિભાગના અધિકારીઓ અને ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. ઈજાગ્રસ્ત યુવકને તાત્કાલિક સારવાર માટે ખસેડવામાં આવ્યો છે અને તેની હાલત અંગે જાણકારી મેળવવામાં આવી રહી છે.

ઘટનાસ્થળે પહોંચેલી ટીમે આસપાસના સીસીટીવી ફૂટેજ અને પ્રત્યક્ષદર્શીઓના નિવેદનોના આધારે હુમલાખોરની ઓળખ કરી લીધી છે. હુમલાખોર વિશાલ કહાર હોવાનું સ્પષ્ટ થયું છે. હુમલો કયા કારણોસર કરવામાં આવ્યો તે હજુ સુધી સત્તાવાર રીતે જાહેર થયું નથી, પરંતુ અંગત અદાવત હોવાની આશંકા સેવાઈ રહી છે. વિશાલ કહારને પકડવા માટે ટીમે ચક્રો ગતિમાન કર્યા છે અને તેના મિત્ર વર્તુળ તેમજ પરિચિતોની પૂછપરછ કરવામાં આવી રહી છે. પાણીગેટ વિસ્તારમાં ફરી આવી કોઈ ઘટના ન બને તે માટે સતર્કતા વધારી દેવામાં આવી છે. આરોપી વિશાલ કહારને ઝડપી પાડવા માટે અલગ-અલગ ટીમો કાર્યરત છે અને ટૂંક સમયમાં જ તેની ધરપકડ કરવામાં આવશે તેવો આશાવાદ વ્યક્ત કરવામાં આવ્યો છે.

**વડોદરાના પાણીગેટ હનુમાનજી મંદિર પાસે એક યુવક પર હુમલાની ઘટના બની છે. જાણ થતા જ ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને ઈજાગ્રસ્તની મદદ કરી તપાસ હાથ ધરી છે. હાલ હુમલાખોર વિશાલ કહારને પકડવા માટે વિવિધ દિશાઓમાં શોધખોળ શરૂ કરવામાં આવી છે. રિપોર્ટ : હેમંત (હેપ્પી)**

# ભરૂચ ટ્રાફિક પોલીસની ખાસ ડ્રાઈવ: ઓવર સ્પીડિંગ વાહન ચાલકો સામે કડક કાર્યવાહી

**દૈનિક પલ્સ સમાચાર:** ભરૂચ જિલ્લા ટ્રાફિક પોલીસ દ્વારા માર્ગ સલામતીના કડક પાલન માટે આજે એક ખાસ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. અકસ્માતોની વધતી ઘટનાઓને રોકવા અને વાહનચાલકોમાં નિયમો પ્રત્યે જાગૃતિ લાવવા માટે નર્મદા મૈયા બ્રિજ નજીક સઘન ટ્રાફિક ચેકિંગ ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ડ્રાઈવની મુખ્ય વિશેષતા હાઈટેક 'સ્પીડગન' નો ઉપયોગ હતી. બ્રિજ પરથી પસાર થતા વાહનોની ગતિને આ ટેકનોલોજી દ્વારા ટ્રેક કરવામાં આવી રહી હતી. જે વાહનચાલકો નિયત સ્પીડ મર્યાદાનું ઉલ્લંઘન કરી રહ્યા હતા, તેમને ટ્રાફિક પોલીસ દ્વારા અટકાવવામાં આવ્યા હતા. ઓવર સ્પીડિંગ કરનારા આ ચાલકો સામે મોટર વાહન અધિનિયમ (Motor Vehicle Act) મુજબ કાયદેસરની દંડનીય કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ટ્રાફિક વિભાગના અધિકારીઓએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, માર્ગ સલામતી એ માત્ર પોલીસની જવાબદારી નથી, પરંતુ નાગરિકોની પણ નૈતિક ફરજ છે. નર્મદા મૈયા બ્રિજ જેવા મુખ્ય માર્ગો પર વાહનોની અતિશય ગતિને કારણે ઘણીવાર ગંભીર અકસ્માતો સર્જાતા હોય છે. આ અભિયાન દ્વારા સંદેશ આપવામાં આવ્યો છે કે નિયમોનું ઉલ્લંઘન કરનારાઓને છોડવામાં આવશે નહીં. દંડ વસૂલવાની સાથે પોલીસ જવાનોએ વાહનચાલકોને માર્ગ સુરક્ષાના પાઠ પણ ભણાવ્યા હતા અને સલામત મુસાફરી માટે હેલ્મેટ તથા સીટબેલ્ટનો ઉપયોગ કરવાની સલાહ આપી હતી. પોલીસ તંત્ર દ્વારા એ પણ સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે આ માત્ર એક દિવસ પૂરતી મર્યાદિત કાર્યવાહી નથી. આગામી સમયમાં જિલ્લાના અન્ય સંવેદનશીલ પોઈન્ટ્સ અને નેશનલ હાઈવે પર પણ આવી જ રીતે ઓચિંતું ચેકિંગ અને સ્પીડ ગન ડ્રાઈવ હાથ ધરવામાં આવશે. આ ખાસ અભિયાનને કારણે ઓવરસ્પીડમાં વાહન ચલાવનારા તત્વોમાં ફફડાટ જોવા મળ્યો હતો. તંત્રની આ કામગીરીને શાંતિપ્રિય નાગરિકોએ બિરદાવી હતી, કારણ કે તેનાથી રસ્તાઓ વધુ સુરક્ષિત બનશે તેવી આશા છે. **રિપોર્ટ : શૈલેષ સોલંકી**

**ભરૂચ ટ્રાફિક પોલીસે નર્મદા મૈયા બ્રિજ પાસે માર્ગ સલામતી ડ્રાઈવ હાથ ધરી હતી. સ્પીડગનનો ઉપયોગ કરી ઓવર સ્પીડે વાહન હંકારતા ચાલકો સામે કાર્યવાહી કરવામાં આવી હતી. અકસ્માતો ઘટાડવા અને ટ્રાફિક નિયમોની જાગૃતિ લાવવા માટે આ અભિયાન ચલાવવામાં આવ્યું હતું.**

# તળાજાના પીથલપુરમાંથી વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો

**દૈનિક પલ્સ સમાચાર:** ભાવનગર રેન્જ અને જિલ્લા પોલીસ વડાની સૂચના મુજબ જિલ્લામાં દારૂની પ્રવૃત્તિ ડામવા માટે એલ.સી.બી. (LCB) એ કમર કસી છે. ૨૭ જાન્યુઆરીના રોજ પેટ્રોલીંગ દરમિયાન પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે તળાજાના પીથલપુર ગામે પ્લોટ વિસ્તારમાં રહેતો અલ્પેશ ભીલ પોતાના રહેણાંક મકાનની પાછળ આવેલી ઓરડીમાં દારૂનો જથ્થો રાખી વેચાણ કરે છે.

બાતમીવાળી જગ્યાએ રેઇડ કરતા પોલીસને 'ઓલ્ડ મોંક રમ'ની ૩૬ બોટલ અને 'રોયલ ચેલેન્જ વ્હીસ્કી'ની ૧૬૮ બોટલ મળી આવી હતી. આ જથ્થો અન્ય રાજ્યોના પાસિંગનો હોવાનું બહાર આવ્યું છે. પોલીસે કુલ ₹૨.૬૫ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. જોકે, આરોપી અલ્પેશ ભીલ રેઇડ દરમિયાન હાજર ન મળી આવતા તેને પકડવાની કાર્યવાહી બાકી છે. દાઠા પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશનની વિવિધ કલમો હેઠળ ગુન્હો નોંધી આગળની તપાસ શરૂ કરવામાં આવી છે. આ સફળ કામગીરી ઇન્સ્પેક્ટર એ.આર. વાળાના માર્ગદર્શન હેઠળ એલ.સી.બી. સ્ટાફ દ્વારા કરવામાં આવી હતી.

**રિપોર્ટ : ઝીશાન ખૂંટ**





'સબ સુખ લહૈ તુમ્હારી સરના, તુમ રક્ષક કાહુ કો ડરના'

# બોટાદમાં દારૂની રેલમછેલ: પોલીસ તંત્ર અને SPની ચુપકીદી સામે રોષ

**દૈનિક પલ્સ સમાચાર:** બોટાદ જિલ્લા પોલીસ તંત્ર અને કાયદો વ્યવસ્થાની કથળતી સ્થિતિ સામે રાષ્ટ્રીય પછાત એકતા મંચે રણશિંગુ ફૂંક્યું છે. મંચ દ્વારા કરવામાં આવેલી રજૂઆતમાં બોટાદ પોલીસની કાર્યપ્રણાલી પર આકરા પ્રહાર કરવામાં આવ્યા છે. આક્ષેપ છે કે બોટાદ પોલીસ માત્ર 'ફોટો સેશન' અને પ્રચાર માટે રેલીઓ યોજવામાં નિષ્ણાત બની ગઈ છે, પરંતુ શહેરના ખૂણે ખૂણે વેચાતા દારૂ અને નશાના કારોબારને રોકવામાં સદંતર નિષ્ફળ સાબિત થઈ છે. બોટાદના જાહેર રસ્તાઓ અને બજારોમાં દારૂ પીધેલા નશેડીઓ નશામાં ધૂત થઈને સૂતા હોવાના દ્રશ્યો સામાન્ય બની ગયા છે. આટલી હદે ખુલ્લેઆમ દારૂબંધીના ધજાગરા ઉડી રહ્યા હોવા છતાં, બોટાદ જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી કોઈ પણ જાતની કાર્યવાહી કર્યા વગર ચુપચાપ તમાશો જોઈ રહ્યા છે. આ નિષ્ક્રિયતા પાછળ કોઈ મોટા આર્થિક હિતો છે કે કેમ? તેવા સવાલો હવે જનતામાં ચર્ચાઈ રહ્યા છે. દારૂની આ રેલમછેલને કારણે ગ્રામીણ અને શહેરી વિસ્તારોના મધ્યમ વર્ગના પરિવારો બરબાદ થઈ રહ્યા છે. રાષ્ટ્રીય પછાત એકતા મંચે પોતાની વેદના ઠાલવતા જણાવ્યું છે કે, જ્યારે રક્ષકો જ ભક્ષકોને છાવરવા લાગે ત્યારે જનતાએ પોતે જ પોતાની સુરક્ષા માટે જાગૃત થવું પડે છે. "જાગો જનતા જાગો" ના સૂત્ર સાથે મંચે ચેતવણી આપી છે કે જો પોલીસ તંત્ર પોતાની શાનમાં નહીં આવે અને દારૂના અડ્ડાઓ પર કડક કાર્યવાહી નહીં કરે, તો આગામી દિવસોમાં ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવામાં આવશે. પોલીસ માત્ર આંકડા બતાવવા કેસ કરે છે, પરંતુ મૂળ સુધી જવામાં તેમને કોઈ રસ હોય તેમ લાગતું નથી. આ નશાખોરીને ડામવામાં જો પોલીસ નિષ્ફળ રહે તો તેની સીધી અસર આવનારી પેઢી પર પડશે તે ચોક્કસ છે.

**બોટાદ શહેરમાં દારૂબંધી માત્ર કાગળ પર રહી હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. રાષ્ટ્રીય પછાત એકતા મંચના આક્ષેપ મુજબ, પોલીસ તંત્ર માત્ર દેખાડાની રેલીઓ અને સેલ્ફીમાં વ્યસ્ત છે, જ્યારે વાસ્તવિકતામાં દારૂની રેલમછેલ છે. ધોળા દિવસે નશેડીઓ જાહેર રસ્તાઓ પર નશામાં ધૂત થઈને પડેલા જોવા મળે છે. આટલી ગંભીર સ્થિતિ હોવા છતાં જિલ્લા પોલીસ અધિક્ષક આંખ આડા કાન કરી રહ્યા છે. નશાબંધીના ધજાગરા ઉડી રહ્યા છે ત્યારે પ્રજામાં રોષ છે. મંચે જનતાને જાગૃત થવા આહવાન કર્યું છે.**

# વડોદરા: પાણીના પ્રોજેક્ટ્સ માટે ₹200 કરોડના બ્લ્યુ બોન્ડ

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરા મહાનગરપાલિકા દ્વારા નાણાકીય સ્ત્રોત ઊભા કરવા માટે નવીન અભિગમ અપનાવવામાં આવ્યો છે. ગ્રીન બોન્ડ બાદ હવે પાલિકા ‘બ્લ્યુ બોન્ડ’ જાહેર કરવાની તૈયારીમાં છે. આ બોન્ડ ખાસ કરીને ‘વોટર વર્ક્સ’ એટલે કે પાણી સંબંધિત પ્રોજેક્ટ્સને વેગ આપવા માટે બહાર પાડવામાં આવશે. પાલિકા તંત્રનું લક્ષ્ય આ માધ્યમથી 200 કરોડ રૂપિયાનું રોકાણ મેળવવાનું છે. ચીફ એકાઉન્ટન્ટ સંતોષ તિવારીના જણાવ્યા અનુસાર, બ્લ્યુ બોન્ડ એ ગ્રીન બોન્ડની જ એક વિશિષ્ટ કેટેગરી છે જે પાણી અને સ્વચ્છતા પર કેન્દ્રિત છે. કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓ જેવી કે સ્વચ્છ ભારત મિશન અને અમૃત યોજના અંતર્ગત થતા વિકાસના કામોમાં પાલિકાએ પોતાનો આર્થિક હિસ્સો આપવાનો હોય છે. આ જવાબદારી પૂરી કરવા માટે બોન્ડ દ્વારા ભંડોળ એકત્ર કરવું એ એક શ્રેષ્ઠ વિકલ્પ છે. પાલિકાના ગત બજેટમાં આ અંગે મંજૂરી મળી ચૂકી છે અને હાલ તેની વહીવટી પ્રક્રિયા ચાલી રહી છે. ભૂતકાળમાં વડોદરા પાલિકાએ બે વાર સફળતાપૂર્વક બોન્ડ બહાર પાડ્યા છે. પ્રથમ 100 કરોડના બોન્ડના ઉપયોગથી સિંધરોટ ખાતે વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ સ્થાપવામાં આવ્યો, જેનાથી શહેરના દક્ષિણ વિસ્તારના લોકોની પાણીની સમસ્યા હલ થઈ છે. ત્યારબાદ બહાર પાડવામાં આવેલા ગ્રીન બોન્ડના નાણાંથી હાલ એ.પી.એસ. (APS) અને ડ્રેનેજ નેટવર્કના કામો ચાલી રહ્યા છે. આગામી બ્લ્યુ બોન્ડ દ્વારા વડોદરાની પાણી પુરવઠા પ્રણાલીને વધુ આધુનિક અને સક્ષમ બનાવવાનું આયોજન છે.



# રાજકોટ સિવિલમાં ગટરના પાણીની રેલમછેલ: તંત્રની ઘોર બેદરકારી

**દૈનિક પલ્સ સમાચાર:** રાજકોટ સિવિલ હોસ્પિટલના વહીવટી તંત્રની સંવેદનહીનતા આજે પરાકાષ્ઠાએ પહોંચી છે. જે હોસ્પિટલમાં લોકો સાજા થવાની આશાએ આવે છે, ત્યાં જ ગંદકીનું સામ્રાજ્ય વ્યાપેલું છે. છેલ્લા અઠવાડિયાથી ગટરના ગંદા પાણી ઇમરજન્સી વિભાગ સામે ફરી વળ્યા છે, છતાં તંત્ર ઘોર નિદ્રામાં છે. ૪ દિવસ પહેલા બર્ન્સ વોર્ડ સામે મસમોટો ખાડો ખોદવામાં આવ્યો હતો, પરંતુ આજે પણ સ્થિતિમાં કોઈ સુધારો થયો નથી. ઉલટાનું, ખાડો ખોદવાથી કાદવ-કીચડ અને દુર્ગંધમાં વધારો થયો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, હોસ્પિટલ પાસે ટેકનિકલ સમસ્યાઓ ઉકેલવા માટે અલગ એન્જિનિયરની નિમણૂક થયેલી છે, તેમ છતાં સામાન્ય ગટર લાઇન રિપેર કરવામાં તંત્ર નિષ્ફળ રહ્યું છે. ગંભીરતાના અભાવે કામ ખોરંભે પડ્યું છે અને દર્દીઓને નાછૂટકે ગટરના પાણીમાં ચાલવું પડે છે. ગંદા પાણીના ભરાવાને કારણે મચ્છરોનો આતંક વધી ગયો છે, જે હોસ્પિટલના અન્ય વોર્ડ માટે પણ ખતરો છે. સુપ્રીન્ટેનડન્ટ અને અન્ય જવાબદાર અધિકારીઓ સામે ચાલી રહેલી ગંદકી પ્રત્યે આંખ આડા કાન કરી રહ્યા છે. શું તંત્ર કોઈ મોટી હોનારત કે રોગચાળાની રાહ જોઈ રહ્યું છે? તેવા ધારદાર સવાલો ઉઠી રહ્યા છે. સત્તાધીશોની આ મનસ્વી નીતિ સામે રોષ વ્યાપ્યો છે. **રિપોર્ટ : હાર્દિક ચંદારાણા**



**રાજકોટ સિવિલ હોસ્પિટલ તંત્રની લાપરવાહીનો ભોગ ગરીબ દર્દીઓ બની રહ્યા છે. હોસ્પિટલના જાહેર શૌચાલય પાસે છેલ્લા ૧૫ દિવસથી ઉભરાતી ગટરના પાણી હવે ઇમરજન્સી વિભાગ સુધી પહોંચ્યા છે. કામગીરીના નામે માત્ર ખાડા ખોદીને તંત્ર સંતોષ માની રહ્યું છે, પરંતુ વાસ્તવમાં ૪ દિવસથી કામ અટવાયેલું છે. હોસ્પિટલ પાસે પોતાના એન્જિનિયર હોવા છતાં ગટરના ગંદા પાણીમાં દર્દીઓને પગ બોળીને ચાલવું પડે છે. સુપ્રીન્ટેનડન્ટની આંખ આડા કાન કરવાની નીતિને કારણે હોસ્પિટલમાં રોગચાળો ફાટી નીકળવાની દહેશત વર્તાઈ રહી છે.**

# એસટી કંડક્ટરની પ્રામાણિકતા: મુસાફરની ભૂલાયેલી ટાંકી પરત કરી

## જૂનાગઢ ડેપો: કંડક્ટરે મુસાફરની પાણીની ટાંકી પરત કરી

**દૈનિક પલ્સ સમાચાર:** જૂનાગઢ એસ.ટી. ડેપોના સ્ટાફની સતર્કતા અને ઈમાનદારીનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. બીલખા ગામના વતની ભરતભાઈ કોઠારીયા ગત અઠવાડિયે બીલખાથી અમરેલી બસમાં જઈ રહ્યા હતા ત્યારે ઉતાવળમાં પોતાની નવી ખરીદેલી પિત્તળની પાણીની ટાંકી બસમાં જ ભૂલી ગયા હતા. અમરેલી ઉતરી ગયા બાદ તેમને આ વાતનો ખ્યાલ આવ્યો હતો.

બીજી તરફ, બસ જૂનાગઢ પરત ફરી રહી હતી ત્યારે કંડક્ટર કે.બી. મકવાણાને બસની સીટ પર બિનવારસી હાલતમાં ટાંકી મળી આવી હતી. તેમણે કોઈ પણ લાલચ રાખ્યા વિના આ કિંમતી વસ્તુ જૂનાગઢ ડેપોના કંટ્રોલ પોઈન્ટમાં સુરક્ષિત રીતે જમા કરાવી દીધી હતી. મુસાફર ભરતભાઈ પાંચ દિવસ બાદ નિરાશા સાથે જૂનાગઢ ડેપોમાં તપાસ કરવા પહોંચ્યા હતા.

ડેપોના જવાબદાર અધિકારીઓ ટી.આઈ. અને એ.ટી.આઈ. એ મુસાફરની વ્યથા સાંભળી તેમની પાસે રહેલી મુસાફરીની ટિકિટની તપાસ કરી હતી. વિગતો મળતા જ કંડક્ટરનો સંપર્ક કરવામાં આવ્યો અને ખાતરી થયા બાદ ભરતભાઈને તેમની ટાંકી સુપરત કરવામાં આવી હતી. પોતાની ખોવાયેલી વસ્તુ પરત મળતા ભરતભાઈના ચહેરા પર ખુશી જોવા મળી હતી અને તેમણે એસ.ટી. તંત્રનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો. આ ઘટનાએ સાબિત કર્યું છે કે આજે પણ પ્રામાણિકતા જીવંત છે. **રિપોર્ટ : આશિષ વસાવડા**



**જૂનાગઢ ડેપોના કંડક્ટર કે.બી. મકવાણાએ પ્રામાણિકતાનું ઉદાહરણ પૂરું પાડ્યું છે. બીલખાના મુસાફર ભરતભાઈ કોઠારીયા બસમાં ભૂલી ગયેલી પિત્તળની નવી ટાંકી કંડક્ટર અને ડેપો સ્ટાફે જરૂરી તપાસ કરી સહીસલામત પરત સોંપી માનવતા મહેકાવી હતી.**

# અલ્તાફભાઈ સીડા શ્રેષ્ઠ શિક્ષક સન્માન

## નવાગામના શિક્ષકને જિલ્લા કક્ષાએ શ્રેષ્ઠ શિક્ષકનું સન્માન

**દૈનિક પલ્સ સમાચાર:** બીલખા નજીક આવેલ નવાગામની સરકારી પ્રાથમિક શાળાએ શિક્ષણ ક્ષેત્રે જિલ્લામાં નવું સીમાચિહ્ન પ્રસ્થાપિત કર્યું છે. તાજેતરમાં કેશોદ ખાતે યોજાયેલા ૭૭મા જિલ્લા કક્ષાના પ્રજાસત્તાક પર્વની ઉજવણીમાં નવાગામ શાળાના કાર્યદક્ષ શિક્ષક શ્રી અલ્તાફભાઈ સીડાને 'શ્રેષ્ઠ શિક્ષક'નું બહુમાન એનાયત કરવામાં આવ્યું હતું.

જુનાગઢ કલેક્ટર શ્રી અનિલ રાણાવસીયાના વરદ હસ્તે અલ્તાફભાઈને પ્રશસ્તિપત્ર અને સન્માન આપી તેમની શૈક્ષણિક નિષ્ઠાને બિરદાવવામાં આવી હતી. અલ્તાફભાઈ સીડા દ્વારા શાળાના બાળકોના સર્વાંગી વિકાસ અને શિક્ષણ પદ્ધતિમાં લાવેલા હકારાત્મક ફેરફારોને કારણે આ પસંદગી કરવામાં આવી હતી. આ પ્રસંગે નવાગામના શિક્ષણપ્રેમી સરપંચ શ્રી મુળુભાઈ વાળાએ જણાવ્યું હતું કે, આવા સમર્પિત શિક્ષકોને કારણે જ સરકારી શાળાઓનું સ્તર ઊંચું આવ્યું છે. શાળાના આચાર્ય પી.એ. ડાકી અને સમગ્ર સ્ટાફ પરિવારે આ સિદ્ધિને ગર્વભેર વધાવી શિક્ષક અલ્તાફભાઈ પર અભિનંદનનો વરસાદ વર્ષાવ્યો હતો.

**રિપોર્ટ : આશિષ વસાવડા**



# રાજપીપળા: ટ્રાઈબલ યુથ એક્સચેન્જ પ્રોગ્રામમાં નીતિન ટેલરનું સન્માન

**દૈનિક પલ્સ સમાચાર:** નર્મદા જિલ્લાના મુખ્ય મથક રાજપીપળા સ્થિત બીરસા મુંડા ટ્રાઇબલ યુનિવર્સિટી ખાતે ભારત સરકારના યુવા કાર્ય અને રમતગમત મંત્રાલય દ્વારા આયોજિત 'ટ્રાઇબલ યુથ એક્સચેન્જ પ્રોગ્રામ' દેશભક્તિ અને જ્ઞાનના અનોખા સંગમ સાથે સંપન્ન થયો હતો. આ રાષ્ટ્રીય કક્ષાના કાર્યક્રમમાં 'સર્વ હેપીનેસ ફાઉન્ડેશન'ના સ્થાપક નીતિન ટેલરને મુખ્ય વક્તા તરીકે આમંત્રિત કરવામાં આવ્યા હતા. આદિવાસી સમાજના સશક્તિકરણ અને શિક્ષણ ક્ષેત્રે તેમના વિશિષ્ટ યોગદાન બદલ તેમનું જાહેર મંચ પર ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું. દેશના ૮ વિવિધ રાજ્યોમાંથી આવેલા ૨૫૦થી વધુ આદિવાસી વિદ્યાર્થીઓને સંબોધતા નીતિન ટેલરે આજના સ્પર્ધાત્મક યુગમાં સામાજિક ઉદ્યોગસાહસિકતા (Social Entrepreneurship) અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) ના મહત્વ વિશે વિસ્તૃત ચર્ચા કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, આદિવાસી યુવાનોએ પોતાની પરંપરાગત કળા અને કૌશલ્યને આધુનિક ટેકનોલોજી સાથે જોડીને સ્વનિર્ભર બનવું જોઈએ. તેમણે સંચાર કૌશલ્ય અને 'નર્મદા પ્રેરણા યાત્રા' દ્વારા ગ્રામીણ વિસ્તારમાં કેવી રીતે પરિવર્તન લાવી શકાય તે અંગે પ્રેરક ઉદાહરણો પૂરા પાડ્યા હતા. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય અંતરિયાળ વિસ્તારના આદિવાસી યુવાનોને દેશની મુખ્યધારા સાથે જોડવાનો અને તેમનામાં નેતૃત્વના ગુણો વિકસાવવાનો હતો. વિવિધ રાજ્યોમાંથી આવેલા વિદ્યાર્થીઓએ એકબીજાની સંસ્કૃતિ અને પરંપરાઓ વિશે જ્ઞાન મેળવ્યું હતું. આ તકે નીતિન ટેલરની સાથે પ્રેરણા યાત્રાના અન્ય મુસાફરોએ પણ પોતાના અનુભવો રજૂ કરી યુવાનોમાં નવા જોમ અને ઉત્સાહનો સંચાર કર્યો હતો. યુનિવર્સિટી પરિસર ખાતે આયોજિત આ માર્ગદર્શન શિબિરે આદિવાસી યુવાનોને ભવિષ્યના પડકારો સામે લડવા અને રોજગારના નવા ક્ષેત્રો શોધવા માટેની નવી દ્રષ્ટિ પૂરી પાડી હતી. નિષ્ણાતોના માર્ગદર્શનથી યુવાનોમાં આત્મનિર્ભરતા પ્રત્યેની સભાનતા કેળવાઈ હતી, જે આગામી સમયમાં આદિવાસી સમાજના વિકાસમાં પાયારૂપ સાબિત થશે.

**રિપોર્ટ : કેતન મહેતા**



# અંકલેશ્વર: ખોડિયાર જયંતિ પર ૧૦૦૧ દીવડાની મહાઆરતી

**દૈનિક પલ્સ સમાચાર**: અંકલેશ્વર GIDC ખાતે ખોડિયાર જયંતિના પાવન અવસરે આસ્થાનો ઘોડાપૂર ઉમટ્યો હતો. મેઘાણી પરિવાર અને વિવિધ સામાજિક સંગઠનો દ્વારા આયોજિત ભવ્ય રથયાત્રામાં હજારો શ્રદ્ધાળુઓ ઉમળકાભેર જોડાયા હતા. GIDCના રાજમાર્ગો પર ડીજેના તાલે નીકળેલી આ યાત્રાનું ઠેર-ઠેર સ્વાગત કરાયું હતું. યાત્રા દરમિયાન ભક્તો માટે ઠંડા પીણા અને પાણીની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. આ પ્રસંગે પૂજ્ય ગંગાદાસ બાપુએ ખાસ ઉપસ્થિત રહી ભક્તોને આશીર્વચન પાઠવ્યા હતા. ભોજનના દાતા ભરતભાઈ (મંગલમ પરિવાર) દ્વારા ભવ્ય મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું, જેનો હજારો લોકોએ લાભ લીધો હતો. ઉજવણીના અંતે ૧૦૦૧ દીવડાની દિવ્ય મહાઆરતી યોજાઈ હતી, જેમાં આયન ભગતની હાજરીમાં ભક્તોએ ભક્તિભાવપૂર્વક માતાજીની પૂજા કરી હતી. અંકલેશ્વરમાં જોવા મળેલી આ એકતા અને શ્રદ્ધાએ ધાર્મિક ભાઈચારાનું અનોખું ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

**રિપોર્ટ : કેતન મહેતા**






# ભરૂચમાં પ્રખરતા શોધ કસોટી: ૨૫૬૭ વિદ્યાર્થીઓ આપશે પરીક્ષા

**દૈનિક પલ્સ સમાચાર:** રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા આયોજિત 'પ્રખરતા શોધ કસોટી' આજે ભરૂચ જિલ્લામાં યોજાશે, જેનો ઉદ્દેશ્ય તેજસ્વી વિદ્યાર્થીઓને શોધી તેમને યોગ્ય પ્રોત્સાહન પૂરું પાડવાનો છે. જિલ્લાના ૨,૫૬૭ જેટલા વિદ્યાર્થીઓ આજે પોતાની બૌદ્ધિક અને તર્કશક્તિની કસોટી આપશે. ભરૂચ જિલ્લાના મુખ્ય ત્રણ તાલુકાઓ ભરૂચ, અંકલેશ્વર અને ઝઘડિયામાં કુલ ૧૦ કેન્દ્રો પર પરીક્ષા માટેની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

આ પરીક્ષા બે મહત્વના તબક્કામાં લેવામાં આવશે. પ્રથમ પેપર સવારે ૧૧ વાગ્યે શરૂ થશે અને બીજું પેપર બપોરે ૨ થી ૪ દરમિયાન યોજાશે. સમગ્ર પરીક્ષા પ્રક્રિયાને પારદર્શક બનાવવા માટે ૧૦ કેન્દ્ર સંચાલકો અને ૮૬ ખંડ નિરીક્ષકો સહિત ૧૨૫ કર્મચારીઓની નિમણૂક કરવામાં આવી છે. ભરૂચ તાલુકામાંથી સૌથી વધુ ૧,૧૭૦ વિદ્યાર્થીઓ નોંધાયા છે, જ્યારે અંકલેશ્વર અને ઝઘડિયામાંથી અનુક્રમે ૭૪૪ અને ૬૫૩ વિદ્યાર્થીઓ ભાગ લઈ રહ્યા છે. આ પરીક્ષા તેજસ્વી વિદ્યાર્થીઓ માટે સુવર્ણ તક સમાન છે, કારણ કે મેરિટ યાદીમાં સ્થાન મેળવનાર વિદ્યાર્થીઓને ધોરણ ૧૨ સુધી દર વર્ષે ₹૧૨,૦૦૦ની આર્થિક શિષ્યવૃત્તિ મળશે. આ શિષ્યવૃત્તિથી વિદ્યાર્થીઓના ઉચ્ચ શિક્ષણનો માર્ગ મોકળો થશે અને તેમને આર્થિક સંકડામણ નડશે નહીં. તંત્ર દ્વારા તમામ કેન્દ્રો પર શાંતિપૂર્ણ માહોલમાં પરીક્ષા પૂર્ણ થાય તે માટેની ગાઈડલાઈન્સ જારી કરી દેવામાં આવી છે. **રિપોર્ટ : કેતન મહેતા**




**ભરૂચ જિલ્લામાં આજે ધોરણ-૯ ના ૨,૫૬૭ વિદ્યાર્થીઓ માટે 'પ્રખરતા શોધ કસોટી' યોજાશે. ૧૦ કેન્દ્રો પર લેવાનારી આ પરીક્ષામાં ઉત્તીર્ણ થનાર તેજસ્વી વિદ્યાર્થીઓને સરકાર દ્વારા ધોરણ ૧૨ સુધી વાર્ષિક ₹૧૨,૦૦૦ની શિષ્યવૃત્તિ આપી પ્રોત્સાહિત કરવામાં આવશે.**

# વાગરા પોલીસ: 30 વર્ષથી નાસતા આરોપીઓને પકડનારનું સન્માન

**દૈનિક પલ્સ સમાચાર:** ભરૂચ જિલ્લાના આમોદ ખાતે ૭૭મા પ્રજાસત્તાક પર્વની જિલ્લા કક્ષાની ઉજવણીમાં વાગરા પોલીસ મથકના બે જાંબાઝ જવાનો આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. અનાર્મ હેડ કોન્સ્ટેબલ ભોપાભાઈ ગફુરભાઈ અને વિપુલભાઈ મનુભાઈને તેમની વર્ષો જૂના કેસ ઉકેલવાની વિશિષ્ટ ક્ષમતા બદલ જિલ્લા કલેક્ટર અને જિલ્લા પોલીસ અધિક્ષક દ્વારા પ્રશસ્તિપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ સન્માન પાછળ તેમની વર્ષોની મહેનત અને ચોકસાઈ રહેલી છે. આ બંને જવાનોએ છેલ્લા ૩૦-૩૦ વર્ષથી પોલીસની આંખમાં ધૂળ નાખીને નાસતા-ફરતા ત્રણ રીઢા ગુનેગારોને પકડી પાડ્યા હતા. આ ગુનેગારો ધાડ અને લૂંટ જેવા ગંભીર ગુનાઓમાં સંડોવાયેલા હતા અને ત્રણ દાયકાથી કાયદાના પંજામાંથી બચતા હતા. ભોપાભાઈ અને વિપુલભાઈએ પોતાના મજબૂત બાતમીદારોના નેટવર્ક અને આધુનિક ટેકનિકલ સર્વેલન્સનો ઉપયોગ કરીને આ અશક્ય કામગીરીને શક્ય બનાવી હતી.

પ્રજાસત્તાક પર્વના ભવ્ય કાર્યક્રમમાં જ્યારે આ બંને જવાનોના નામની ઘોષણા કરવામાં આવી ત્યારે સમગ્ર વાતાવરણ તાળીઓના ગડગડાટથી ગુંજી ઉઠ્યું હતું. ઉચ્ચ અધિકારીઓએ આ બંને રક્ષકોની 'ડિટેક્ટિવ' સ્કીલના મુક્ત કંઠે વખાણ કર્યા હતા. આ સન્માનથી માત્ર વાગરા પોલીસનું જ નહીં પણ સમગ્ર જિલ્લા પોલીસ દળનું મનોબળ વધ્યું છે. ગ્રામજનો અને સ્ટાફ મિત્રો પણ આ સાહસિક જવાનોની સિદ્ધિને ગર્વથી વધાવી રહ્યા છે. **રિપોર્ટ : કેતન મહેતા**

**વાગરા પોલીસના ભોપાભાઈ અને વિપુલભાઈને ૩૦ વર્ષથી નાસતા ૩ રીઢા ગુનેગારોને ઝડપવા બદલ પ્રજાસત્તાક પર્વે પ્રશસ્તિપત્ર આપી સન્માનિત કરાયા.**



# GNFC માં ૭૭મા ગણતંત્ર દિવસની ઉજવણી: MD બેનીવાલે કર્યું ધ્વજવંદન

**દૈનિક પલ્સ સમાચાર:** ગુજરાત નર્મદા વેલી ફર્ટિલાઇઝર્સ એન્ડ કેમિકલ્સ લિમિટેડ (GNFC) ખાતે ૭૭મો ગણતંત્ર દિવસ અત્યંત ગરિમાપૂર્ણ રીતે મનાવવામાં આવ્યો હતો. કંપનીના એમ.ડી. રાજકુમાર બેનીવાલે (IAS) ધ્વજવંદન કરી રાષ્ટ્રનિર્માણ અને ઔદ્યોગિક શ્રેષ્ઠતા માટે કર્મચારીઓને પ્રોત્સાહિત કર્યા હતા. આ વર્ષની ઉજવણીની મુખ્ય થીમ 'વંદે માતરમ - સ્વદેશી અપનાવો' રહી હતી.

બેનીવાલે તેમના ઉદબોધનમાં જણાવ્યું હતું કે, ભારતને ૨૦૪૭ સુધીમાં વિકસિત રાષ્ટ્ર બનાવવા માટે ઔદ્યોગિક ક્ષેત્રે આત્મનિર્ભર બનવું અનિવાર્ય છે. તેમણે કર્મચારીઓને તેમની કાર્યશૈલીમાં શ્રેષ્ઠતા લાવવા અને સ્વદેશી તકનીકોને પ્રાધાન્ય આપવા હાકલ કરી હતી. કાર્યક્રમ દરમિયાન કંપનીના વિવિધ વિભાગોની કામગીરીની સમીક્ષા કરી, શ્રેષ્ઠ સૂચનો આપનાર અને કાર્યક્ષમતા વધારનાર કર્મચારીઓને ટ્રોફી એનાયત કરવામાં આવી હતી. સંસ્થાની સુરક્ષા માટે ખડેપગે રહેતા સુરક્ષા જવાનોનું પણ વિશેષ સન્માન કરાયું હતું. GNFC પરિવારના તમામ સભ્યોએ એકસાથે મળીને દેશભક્તિના ગીતોના ગુંજારવ વચ્ચે આઝાદીનો જશ્ન મનાવ્યો હતો. એમ.ડી.એ કંપનીના હિતધારકો અને રાષ્ટ્ર માટે દીર્ઘકાલીન મૂલ્ય સર્જવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. આ કાર્યક્રમ માત્ર એક ઉજવણી નહીં, પરંતુ રાષ્ટ્ર પ્રત્યેની જવાબદારી નિભાવવાનો સંકલ્પ બની રહ્યો હતો.



**GNFC ખાતે ૭૭મા ગણતંત્ર દિવસની ભવ્ય ઉજવણી કરાઈ હતી. MD રાજકુમાર બેનીવાલે (IAS) ધ્વજવંદન કરી 'વિકસિત ભારત @2047' માટે આત્મનિર્ભરતાનો સંદેશ આપ્યો હતો. આ પ્રસંગે શ્રેષ્ઠ કામગીરી કરનાર કર્મચારીઓ અને સુરક્ષાકર્મીઓને ટ્રોફી આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.**

## જામ ખંભાળીયા પાલિકા લેટર કાંડ: કર્મચારીને નોટિસ ફટકારાઈ

### ખંભાળીયા પાલિકામાં લેટર કાંડ: ખોટી સહીનો વિવાદ વકર્યો

**દૈનિક પલ્સ સમાચાર:** જામ ખંભાળીયા નગરપાલિકામાં છેલ્લા કેટલાક સમયથી ચાલતી આંતરિક ખેંચતાણ હવે ચરમસીમાએ પહોંચી છે. સત્તા પક્ષના સદસ્યો દ્વારા ચિફ ઓફિસરની બદલીની માંગણી કરતો પત્ર શહેરી વિકાસ મંત્રી કનુભાઈ દેસાઈને મોકલવામાં આવ્યો હતો. આ પત્ર પાલિકાના સત્તાવાર લેટર પેડ પર લખાયેલો હતો, પરંતુ તેમાં રહેલી વિસંગતતાઓએ મોટા કાંડનો પર્દાફાશ કર્યો છે. પત્રમાં દર્શાવેલા અનેક સદસ્યોએ પોતે સહી કરી ન હોવાનું અને તેમની ખોટી સહીઓ કરવામાં આવી હોવાનું જણાતા સમગ્ર મામલો તપાસનો વિષય બન્યો છે. તપાસની પ્રાથમિક વિગતો મુજબ, આ ધગધગતા લેટર કાંડ પાછળ પાલિકાના જ કોઈ કર્મચારીનો હાથ હોવાની પ્રબળ આશંકા છે. વોટર વર્કસ ઇજનેર નંદાણીયા સામે શંકાની સોય સેવાતા વહીવટી સ્તરે હલચલ મચી ગઈ છે. આ ઘટનાના પડઘા રૂપે ચિફ ઓફિસરે કડક વલણ અપનાવ્યું છે અને ઇજનેર નંદાણીયાને ૧૪ દિવસની સમયમર્યાદામાં પોતાનો પક્ષ રજૂ કરવા અને ખુલાસો આપવા નોટિસ પાઠવી છે. આ લેટર કાંડ માત્ર વહીવટી વિવાદ નથી રહ્યો પણ હવે તે રાજકીય પ્રતિષ્ઠાનો પ્રશ્ન બની ગયો છે. સભ્યોની બોગસ સહીઓ કરી મંત્રીને ગેરમાર્ગે દોરવાના આ પ્રયાસથી પાલિકાની છબી ખરડાઈ છે. આગામી દિવસોમાં આ નોટિસનો કેવો જવાબ મળે છે અને તપાસમાં કોના નામ ખુલે છે તેના પર સૌની નજર ટકેલી છે. જામ ખંભાળીયા પાલિકામાં આ મુદ્દે ભારે નવા-જૂની થવાના એંધાણ સ્પષ્ટપણે વર્તાઈ રહ્યા છે. **રિપોર્ટ : જગદીશ ચૌહાણ**



**જામ ખંભાળીયા નગરપાલિકામાં ચિફ ઓફિસરની બદલી મુદ્દે 'લેટર કાંડ' સર્જાયો છે. સભ્યોની ખોટી સહીઓ સાથેના પત્રમાં પાલિકાના જ ઇજનેર નંદાણીયાની સંડોવણીની આશંકાએ ચિફ ઓફિસરે ૧૪ દિવસમાં ખુલાસો માંગતી નોટિસ ફટકારી છે, જેનાથી રાજકારણ ગરમાયું છે.**

## સરહદી મંડાલી ગામમાં ૪૬ વર્ષથી પ્રાથમિક સુવિધાઓનો દુકાળ

**દૈનિક પલ્સ સમાચાર:** ગુજરાત મોડલના દાવાઓ વચ્ચે સરહદી વિસ્તારના મંડાલી ગામની પરિસ્થિતિ કંઈક અલગ જ વાસ્તવિકતા રજૂ કરે છે. ધરણીધર તાલુકાના રણને અડીને આવેલા આ ગામના ૨૦૦ પરિવારો છેલ્લા ૪૬ વર્ષથી પ્રાથમિક સુવિધાઓ માટે સંઘર્ષ કરી રહ્યા છે. આ પરિવારો ગુજરાત અને રાજસ્થાનની સરહદ વચ્ચે એવા અટવાયા છે કે કોઈ પણ રાજ્ય સરકાર તેમની જવાબદારી લેવા તૈયાર હોય તેમ લાગતું નથી. વર્ષ ૧૯૭૯-૮૦ માં લુણી નદીના પૂરમાં ખેતીની જમીન ગુમાવ્યા બાદ, માનવીય અભિગમ સાથે તત્કાલીન પ્રશાસને તેમને મંડાલીના ઊંચાણવાળા વિસ્તારમાં વસાવ્યા હતા. પરંતુ આ વસવાટ માત્ર આશરો બનીને રહી ગયો છે, સુવિધા નહીં. સ્થાનિકોના જણાવ્યા મુજબ, ગામમાં પીવાના પાણીની કોઈ વ્યવસ્થા નથી, જેના કારણે મહિલાઓને ભારે હાલાકી વેઠવી પડે છે. આ ઉપરાંત, ગામને જોડતા પાકા રસ્તાઓ નથી અને એસ.ટી. બસની સુવિધા તો સ્વપ્ન સમાન છે. બાળકોના શિક્ષણ માટે નજીકમાં કોઈ શાળા ન હોવાથી નવી પેઢીનું ભવિષ્ય પણ અંધકારમય જણાય છે. બે રાજ્યોની બોર્ડર પર હોવાથી વહીવટી પ્રક્રિયામાં પણ આ લોકો હંમેશા ઉપેક્ષિત રહે છે. શું આઝાદીના અમૃતકાળમાં આ ૨૦૦ પરિવારોને ક્યારેય પાયાની સુવિધાઓ મળશે ખરા? તે એક મોટો પ્રશ્ન છે. **રિપોર્ટ : વશાભાઈ વાલડીયા**



## ખીસરી ગામ મારામારી: ધારી પોલીસે ગણતરીની કલાકોમાં આરોપીઓ પકડ્યા

**દૈનિક પલ્સ સમાચાર:** ધારી પંથકના ખીસરી ગામે એક સામાજિક પ્રસંગમાં સર્જાયેલી અશાંતિ બાદ પોલીસે સફળ કામગીરી કરી આરોપીઓને જેલહવાલે કર્યા છે. ખીસરી ગામે ગઈકાલે લગ્ન પ્રસંગ દરમિયાન કોઈ જૂની અદાવત અથવા સામાન્ય વાતમાં ઉગ્ર બોલાચાલી થઈ હતી. વાત વણસતા મામલો મારામારી સુધી પહોંચ્યો હતો, જેમાં લાકડીઓ અને અન્ય સાધનો વડે હુમલો કરવામાં આવતા અનેક લોકો લોહીલુહાણ થયા હતા.
આ ઘટનાથી લગ્નની ખુશીઓ શોકમાં ફેરવાઈ ગઈ હતી અને સમગ્ર ગામમાં ભયનો માહોલ વ્યાપી ગયો હતો. ધારી પોલીસ વિભાગે આ કેસને અગ્રતા આપી અલગ-અલગ ટીમો બનાવી આરોપીઓની શોધખોળ શરૂ કરી હતી. સ્થાનિક બાતમીદારો અને ટેકનિકલ સર્વેલન્સની મદદથી પોલીસે ગણતરીના કલાકોમાં જ હુમલાખોરોને ઝડપી લેવામાં સફળતા મેળવી છે. પોલીસે ગુનામાં સંડોવાયેલા આરોપીઓ જે વાહનોમાં આવ્યા હતા, તે તમામ વાહનો પણ જપ્ત કરી લીધા છે. પોલીસના જણાવ્યા મુજબ, કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે આવા તત્વો સામે કડક પગલાં લેવા અનિવાર્ય છે. હાલમાં ધારી પીએસઆઈ આ ઝઘડા પાછળનું મુખ્ય કારણ જાણવા અને અન્ય કોઈની સંડોવણી છે કે કેમ તે દિશામાં તપાસ ચલાવી રહ્યા છે.
**રિપોર્ટ : સરફરાઝ શેખ**



**ધારી તાલુકાના ખીસરી ગામે લગ્ન પ્રસંગે થયેલી જૂથ અથડામણના આરોપીઓને ધારી પોલીસે ગણતરીની કલાકોમાં ઝડપી પાડ્યા છે. સામાન્ય બાબતે વકરેલા ઝઘડામાં અનેક લોકો ઇજાગ્રસ્ત થયા હતા. પોલીસે ગુનામાં વપરાયેલા વાહનો કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.**

## વાવ દૂધ મંડળી: પશુપાલકોને ૧૦૦% સબસિડી સાથે સહાય

**દૈનિક પલ્સ સમાચાર:** વાવ દૂધ ઉત્પાદક સહકારી મંડળી દ્વારા પશુપાલકોના હિતમાં ગુજરાત સરકારની પશુ વિયાણ અને વિયાણ બાદની ખાણદાણ સહાય યોજનાનું સફળ અમલીકરણ કરવામાં આવ્યું છે. મંડળી દ્વારા જાહેર કરાયેલ વિગતો મુજબ, પાત્રતા ધરાવતા પશુપાલકોને પ્રતિ પશુ ૧૫૦ કિલોગ્રામ ગુણવત્તાયુક્ત પશુ દાણ સહાય તરીકે આપવામાં આવ્યું છે.
આ સંપૂર્ણ વિતરણ ૧૦૦% સરકારી સબસિડી હેઠળ કરવામાં આવ્યું છે, જેનો મુખ્ય ઉદ્દેશ ગાભણ અને વિયાણ બાદના પશુઓની તંદુરસ્તી જાળવવાનો તેમજ દૂધ ઉત્પાદન ક્ષમતા વધારવાનો છે. મંડળીના ચેરમેન વેંઝિયા વર્ધસિંહ દાનાજીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, જિલ્લા દૂધ સંઘ દ્વારા નિર્મિત આ ખાણદાણ પશુઓના પોષણ માટે ઉત્તમ છે અને તેનાથી ગ્રામીણ પશુપાલકોની આવકમાં પણ વધારો થશે. પશુપાલકોને આર્થિક રીતે સશક્ત બનાવવા માટે આ એક પાયાનું પગલું છે. વધુમાં તેમણે ઉમેર્યું કે, પશુપાલકોએ સરકારની આવી વિવિધ યોજનાઓનો લાભ લેવા માટે i-Khedut પોર્ટલ પર સમયસર અરજી કરવી જોઈએ, જેથી સીધો ફાયદો મેળવી શકાય.
**રિપોર્ટ : વશાભાઈ વાલડીયા**



## મીઠાવીરાણા: શાળાના ૩૩૫ બાળકોને શૈક્ષણિક કીટનું વિતરણ

**દૈનિક પલ્સ સમાચાર:** ધરણીધર તાલુકાના મીઠાવીરાણા ગામે આવેલી પ્રાથમિક શાળામાં ૭૭મા ગણતંત્ર દિવસની ઉજવણી ગૌરવભર્યા માહોલમાં સંપન્ન થઈ હતી. વહેલી સવારથી જ શાળાના પ્રાંગણમાં ગ્રામજનો અને બાળકોનો ઉત્સાહ જોવા મળ્યો હતો. ધ્વજવંદન બાદ બાળકોએ વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરી દેશપ્રેમ વ્યક્ત કર્યો હતો. આ વર્ષે પ્રજાસત્તાક પર્વની ઉજવણી શિક્ષણ અને સેવાના સંગમ સમાન બની રહી હતી. શાળાના ૩૩૫ બાળકોના શૈક્ષણિક સ્તરને વેગ આપવા માટે દાતાઓના સહયોગથી ₹૩૫,૦૦૦ની શૈક્ષણિક કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત, હરિભાઈ સુથાર દ્વારા તમામ વિદ્યાર્થીઓને ચોપડાઓ આપવામાં આવ્યા હતા, જેની કિંમત અંદાજે ₹૩,૦૦૦ જેટલી થાય છે. શાળા પરિવાર અને ગ્રામ પંચાયત દ્વારા આ ઉમદા કાર્ય બદલ દાતાશ્રીઓનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. આચાર્યશ્રીએ દરેક દાતાનું વ્યક્તિગત રીતે સાલ ઓઢાડી સન્માન કર્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય બાળકોને અભ્યાસ પ્રત્યે પ્રોત્સાહિત કરવાનો અને ગામમાં શિક્ષણ પ્રત્યે જાગૃતિ લાવવાનો હતો. ઉદાર દાતાઓની હાજરી અને બાળકોના સ્મિતથી આ રાષ્ટ્રીય પર્વની ઉજવણી સાર્થક થઈ હતી. સમગ્ર આયોજન બદલ વાલીઓએ પણ શાળાના સ્ટાફની પ્રશંસા કરી હતી.



**મીઠાવીરાણા પ્રાથમિક શાળામાં પ્રજાસત્તાક પર્વની ઉજવણી. ૩૩૫ બાળકોને શૈક્ષણિક કીટ વિતરણ અને ઉદાર દાતાઓનું સન્માન કરવામાં આવ્યું. રીપોર્ટ : વશાભાઈ વાલડીયા**

## થાનગઢમાં ડી.જી. વણઝારાની અધ્યક્ષતામાં 'ધર્મ સત્તા દિવસ' ઉજવાયો

**દૈનિક પલ્સ સમાચાર:** થાનગઢના જોગ ધ્યાન આશ્રમ ખાતે આધ્યાત્મિક અને રાષ્ટ્રભક્તિના ત્રિવેણી સંગમ સમાન ચોથા 'ધર્મ સત્તા દિવસ'ની ભવ્યતા સાથે ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમના અધ્યક્ષસ્થાને પૂર્વ IPS અધિકારી અને ગુજરાત પોલીસના એડીશનલ ડીજી તરીકે સેવા આપી ચુકેલા શ્રી ડી.જી. વણઝારા સાહેબ ઉપસ્થિત રહ્યા હતા. આ મંચ પરથી ગુજરાતભરના સંતો, મહંતો અને વિવિધ સામાજિક-ધાર્મિક સંસ્થાઓના વડાઓએ એકસૂરે સનાતન ધર્મના રક્ષણનો નાદ ગુંજવ્યો હતો. શ્રી ડી.જી. વણઝારા, જેઓ ગુરુવંદના મંચ અને રાષ્ટ્ર વંદના મંચના સ્થાપક છે, તેમણે પોતાના સંબોધનમાં ભારપૂર્વક જણાવ્યું હતું કે રાજસત્તામાં ધર્મ સત્તાને યોગ્ય સ્થાન મળવું જોઈએ. સનાતન ધર્મની રક્ષા એ માત્ર ધાર્મિક કાર્ય નથી પણ રાષ્ટ્રની સુરક્ષાનું પણ એક પાસું છે. કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોએ ભારતભરમાં સનાતન સંસ્કૃતિને પુનઃસ્થાપિત કરવા પર ભાર મૂક્યો હતો.
આ મહોત્સવમાં સન્માન વિધિનું વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. બોટાદના જાણીતા ગૌરક્ષક અને સામાજિક-ધાર્મિક સંગઠનો સાથે સક્રિય રીતે જોડાયેલા સામતભાઈ જેબલીયાએ ડી.જી. વણઝારા સાહેબનું અદભૂત સન્માન કર્યું હતું. તેમણે વણઝારા સાહેબને રજવાડી સાફો બાંધી અને શક્તિના પ્રતિક રૂપે રજવાડી તલવાર અર્પણ કરી તેમની વીરતા અને સેવાની સરાહના કરી હતી. આ સાથે સામતભાઈ જેબલીયા દ્વારા પટેલ સાહેબનું પણ સન્માન કરવામાં આવ્યું હતું.
કાર્યક્રમમાં હાજર રહેલા તમામ સંતો અને સંસ્થાઓના પ્રતિનિધિઓએ આ પહેલને બિરદાવી હતી. સામતભાઈ જેબલીયાની યાદીમાં જણાવ્યા મુજબ, ગૌરક્ષા અને સનાતન ધર્મ માટે કામ કરતા તમામ લોકોએ આ દિવસે એકત્ર થઈને એક નવી દિશા નક્કી કરી હતી. 'જય ગૌમાતા'ના જયઘોષ સાથે પૂર્ણ થયેલા આ કાર્યક્રમે સમાજમાં એકતા અને સંસ્કારના સિંચનનો મજબૂત સંદેશ પાઠવ્યો હતો. **રિપોર્ટ : મનસુખ વાળા**



**થાનગઢમાં પૂર્વ IPS ડી.જી. વણઝારાની હાજરીમાં ચોથો ધર્મ સત્તા દિવસ ઉજવાયો. સનાતન ધર્મના રક્ષણ અને રાજસત્તામાં ધર્મની ભૂમિકા પર ભાર.**

## થરાદ: ગુજરાત પત્રકાર એકતા પરિષદનું ભવ્ય મહા અધિવેશન

**દૈનિક પલ્સ સમાચાર:** થરાદ માર્કેટિંગ યાર્ડના હોલમાં ગુજરાત પત્રકાર એકતા પરિષદનું ભવ્ય મહા અધિવેશન યોજાયું હતું. આ કાર્યક્રમ વિધાનસભા અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીની વિશેષ ઉપસ્થિતિમાં અને પ્રદેશ અધ્યક્ષ લાભુભાઈ કાત્રોડીયાના માર્ગદર્શન હેઠળ સંપન્ન થયો. અધિવેશનમાં સુરત, અમદાવાદ અને વડોદરા સહિત સમગ્ર ગુજરાતમાંથી પત્રકારો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. મુખ્ય મહેમાન શંકરભાઈ ચૌધરીએ સંગઠનની પિરામિડ જેવી મજબૂત સંરચના અને પત્રકારોના પરિવાર પ્રત્યેની ચિંતાને બિરદાવી હતી. પ્રદેશ અધ્યક્ષે જાહેરાત કરી કે સંગઠન પત્રકારો પાસેથી એક પણ રૂપિયો લીધા વિના ₹૧૦ લાખનો અકસ્માત વીમો પૂરો પાડશે. કાર્યક્રમમાં મહિલા વિંગના ઇન્ચાર્જ મીનાક્ષીબેન મોદી અને પ્રદેશ ઉપપ્રમુખ જગદીશસિંહ પરમાર પણ હાજર રહ્યા હતા. નવી જિલ્લા કમિટીની જાહેરાત સાથે નવનિયુક્ત પ્રમુખ હાજાજી રાજપૂતનું સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે તમામ પત્રકારોને ગિફ્ટ એનાયત કરવામાં આવી હતી. આ અધિવેશન પત્રકારોની એકતા અને સામાજિક સુરક્ષાનો ઉત્તમ ઉદાહરણ સાબિત થયો હતો. **રિપોર્ટ : ઈકબાલ મેમણ**



## યાત્રાધામ ડાકોરમાં ટ્રાફિક સમસ્યાના ઉકેલ માટે તંત્રની કડક કાર્યવાહી

**દૈનિક પલ્સ સમાચાર:** પ્રસિદ્ધ યાત્રાધામ ડાકોર ખાતે બિરાજમાન રાજા રણછોડરાયના દર્શન માટે હાલમાં શ્રદ્ધાળુઓની ભારે ભીડ ઉમટી રહી છે. ડાકોરના સાંકડા માર્ગો અને વધતી જતી વાહનોની સંખ્યાને કારણે અહીં અવારનવાર ટ્રાફિક જામની સ્થિતિ સર્જાય છે, જે શ્રદ્ધાળુઓ અને સ્થાનિક રહેવાસીઓ માટે માથાનો દુખાવો સાબિત થઈ રહી છે. આ સમસ્યાના કાયમી ઉકેલ અને સુવ્યવસ્થિત ટ્રાફિક નિયમન માટે વહીવટી તંત્ર દ્વારા કડક ઝુંબેશ શરૂ કરવામાં આવી છે.
મંદિરની આસપાસના વિસ્તારોમાં જ્યાં પાર્કિંગની મનાઈ છે, ત્યાં આડેધડ વાહનો ઊભા રાખનારાઓ સામે તંત્રએ લાલ આંખ કરી છે. ક્રેન અને ટોઈંગ મશીનોની મદદથી જાહેર માર્ગો પર અવરોધરૂપ બનેલા દ્વિચક્રી વાહનોને હટાવવાની કામગીરી પુરજોશમાં કરવામાં આવી હતી. આ ડ્રાઈવ દરમિયાન નિયમોનું ઉલ્લંઘન કરનારા વાહન માલિકો અને ભક્તો પાસેથી અંદાજે ₹૫૦૦ જેટલા દંડની રકમ વસૂલવામાં આવી છે. તંત્રનો ઉદ્દેશ્ય રસ્તાઓ ખુલ્લા કરી યાત્રિકોને દર્શન માટે સરળતા કરી આપવાનો છે. જોકે, આ કડક કાર્યવાહીને પગલે મિશ્ર પ્રતિસાદ જોવા મળ્યો છે. અચાનક શરૂ કરાયેલી આ કામગીરીથી સ્થાનિક વેપારીઓ અને વાહનચાલકોમાં ઉત્તેજના અને ફફડાટ વ્યાપી ગયો છે. કેટલાક મુલાકાતીઓ આ પગલાને બિરદાવી રહ્યા છે અને જણાવી રહ્યા છે કે ટ્રાફિક વ્યવસ્થા સુધારવા માટે આવા કઠોર પગલાં અનિવાર્ય છે. બીજી તરફ, અમુક લોકોનું સૂચન છે કે તંત્રએ સીધો દંડ વસૂલવાને બદલે અગાઉથી સૂચના બોર્ડ લગાવવા જોઈએ અથવા માઈક દ્વારા ચેતવણી આપવી જોઈએ જેથી અજાણતા પાર્કિંગ કરનાર યાત્રિકોને આર્થિક નુકસાન ન ભોગવવું પડે. હાલમાં તો ડાકોર વહીવટી તંત્ર ટ્રાફિકની ગીચતા ઓછી કરવા માટે સંપૂર્ણ સક્રિય જણાય છે. **રિપોર્ટ : તેજસ જોશી**

**યાત્રાધામ ડાકોરમાં રણછોડરાય મંદિર પાસે વધતી ભીડને જોતા ટ્રાફિક વ્યવસ્થા સુધારવા તંત્રએ કડક વલણ અપનાવ્યું છે. જાહેર માર્ગો અને નો-પાર્કિંગ ઝોનમાં મુકાયેલા વાહનોને ક્રેન દ્વારા હટાવવાની સાથે દંડની વસૂલાત કરવામાં આવી છે, જેથી શ્રદ્ધાળુઓ માટે અવરજવર સરળ બની રહે.**

# વડાલીમાં સનરાઈઝ પ્લે ગ્રુપ દ્વારા ૭૭મા પ્રજાસત્તાક દિનની ઉજવણી

## વડાલી: મેમણ કોલોનીમાં પ્રજાસત્તાક પર્વની ભવ્ય ઉજવણી

**દૈનિક પલ્સ સમાચાર:** વડાલી તાલુકા મેમણ જમાત સંલગ્ન અને વડાલી તાલુકા મેમણ સ્કૂલ કમિટી સંચાલિત 'સનરાઈઝ પ્લે ગ્રુપ સ્કૂલ' દ્વારા ૭૭મા પ્રજાસત્તાક દિન નિમિત્તે વડાલી મેમણ કોલોની સ્થિત શાહીન પાર્ક બગીચામાં એક ભવ્ય ધ્વજવંદન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સમગ્ર વાતાવરણ દેશભક્તિના રંગે રંગાયેલું જોવા મળ્યું હતું. કાર્યક્રમનું ધ્વજવંદન વડાલી તાલુકા મેમણ જમાતના માનવંત પ્રમુખ જનાબ હાજી મો. યુસુફભાઈ અગરબત્તીવાલાના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સ્કૂલ કમિટીના સભ્યો હાજી હિદાયતભાઈ લોખંડવાલા, હાજી મુસેબભાઈ જવાહરવાલા, હાજી વસીમભાઈ ફર્નિચરવાલા, હાજી મકસુદભાઈ સુત્તરવાલા, વસીમભાઈ માસ્ટર અને યુથ સર્કલના પ્રમુખ હાજી મોહસીનભાઈ લાટીવાલા સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત દેશકાંઠા મેમણ કાઉન્સિલના ઉપપ્રમુખ હાજી હિદાયતભાઈ લોખંડવાલા અને ઓડિટર હાજી અ. રહેમાનભાઈ બેન્કર સાહેબે પણ ખાસ હાજરી આપી હતી. કાર્યક્રમની શરૂઆતમાં સનરાઈઝ પ્લે ગ્રુપના નાઝીમા મેડમ દ્વારા સુંદર શબ્દોમાં સ્વાગત પ્રવચન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ શાળાના નાના-નાના ભૂલકાઓ દ્વારા અત્યંત સુંદર અને ભાવવાહી રાષ્ટ્રીય પ્રોગ્રામ રજૂ કરવામાં આવ્યા હતા, જેને નિહાળી ઉપસ્થિત મહેમાનો અને વાલીઓ મંત્રમુગ્ધ બન્યા હતા. મુખ્ય મહેમાન હાજી યુસુફભાઈ અગરબત્તીવાલાએ ગણતંત્ર દિવસ અનુરૂપ બહુમૂલ્ય પ્રવચન આપી બાળકોને ઉજ્જવળ ભવિષ્ય માટે આશીર્વાદ આપ્યા હતા.

દેશકાંઠા કાઉન્સિલના પદાધિકારીઓ અને સનરાઈઝ સ્કૂલના ચેરમેન હાજી મોહસીનભાઈ લાટીવાલાએ પણ પ્રસંગને અનુરૂપ પ્રેરણાદાયી સ્પીચ આપી હતી. શાળાના શિક્ષિકા તહુરા મેડમ અને સગુફતા મેડમે પણ પ્રાસંગિક વક્તવ્ય રજૂ કર્યા હતા. આ ગરિમામય અવસરે મોટી સંખ્યામાં વડીલો, યુવાનો અને ખાસ કરીને મા-બહેનોએ હાજર રહીને કાર્યક્રમની શોભા વધારી હતી. અંતમાં ઉપસ્થિત સૌ માટે અલ્પાહારની વ્યવસ્થા સાથે કાર્યક્રમનું સફળતાપૂર્વક સમાપન કરવામાં આવ્યું હતું. **રિપોર્ટ : વિશાલ ચૌહાણ**




# સાપાવાડા: પ્રાથમિક શાળામાં દેશભક્તિના રંગે ઉજવણી

**દૈનિક પલ્સ સમાચાર:** બહુચરાજી તાલુકાના સાપાવાડા ગામમાં દેશભક્તિના અભૂતપૂર્વ ઉત્સાહ સાથે ૭૭મા પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરવામાં આવી હતી. ગામની આદર્શ પ્રાથમિક શાળામાં આયોજિત આ કાર્યક્રમમાં ગ્રામીણ એકતા અને રાષ્ટ્રપ્રેમની ઝલક જોવા મળી હતી. કાર્યક્રમની શરૂઆત ગામના વડીલ અને અગ્રણી ઈશ્વરભાઈ (ભાણા) પટેલના હસ્તે ધ્વજવંદન વિધિથી કરવામાં આવી હતી. રાષ્ટ્રધ્વજને સલામી આપ્યા બાદ સમગ્ર વાતાવરણ રાષ્ટ્રગાનના સૂરથી ગુંજી ઉઠ્યું હતું. આ પ્રસંગે શાળાના વિદ્યાર્થીઓએ વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરી હતી. જેમાં નાટકો દ્વારા દેશના વીરોને યાદ કરવામાં આવ્યા હતા, તો બીજી તરફ વિદ્યાર્થિનીઓએ ગરબાની રમઝટ બોલાવી હતી. વક્તવ્ય સ્પર્ધામાં 'માતૃપ્રેમ' અને રાષ્ટ્રભક્તિના વિષયો પર બાળકોએ પ્રભાવશાળી રજૂઆત કરી હતી. આચાર્ય નવલદાન ગઢવી અને સમગ્ર સ્ટાફ મિત્રોએ બાળકોને સુંદર તૈયારીઓ કરાવી હતી, જે સ્ટેજ પર જોવા મળી હતી. કાર્યક્રમમાં ગામના સરપંચ, SMC અધ્યક્ષ અને કમિટીના સભ્યો સહિત મોટી સંખ્યામાં ગ્રામજનોએ હાજરી આપી હતી. ગ્રામજનોની ઉપસ્થિતિએ બાળકોના આત્મવિશ્વાસમાં વધારો કર્યો હતો. દેશપ્રેમની સાથે સામાજિક મૂલ્યોના સિંચન સમાન આ ઉજવણી શાંતિપૂર્ણ અને ઉત્સાહભર્યા વાતાવરણમાં સંપન્ન થઈ હતી. અંતમાં આચાર્યશ્રીએ સૌ મહેમાનો અને સહયોગીઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

**રિપોર્ટ : ભુરાજી ઝાલા**



# મહેસાણા: સાંસદ હરિભાઈ પટેલની અધ્યક્ષતામાં 'દિશા' બેઠક યોજાઈ

**દૈનિક પલ્સ સમાચાર:** મહેસાણા જિલ્લામાં કેન્દ્ર અને રાજ્ય સરકારની યોજનાઓના અસરકારક અમલીકરણ માટે સાંસદ હરિભાઈ પટેલના અધ્યક્ષસ્થાને 'દિશા' કમિટીની સમીક્ષા બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં કૃષિ, આરોગ્ય, આવાસ અને સામાજિક સુરક્ષા સંબંધિત કુલ ૧૦૧ યોજનાઓની પ્રગતિનો ચિતાર મેળવવામાં આવ્યો હતો. સાંસદશ્રીએ સ્પષ્ટ કર્યું હતું કે વહીવટી તંત્ર અને જનપ્રતિનિધિઓ વચ્ચે યોગ્ય સંકલન હશે તો જ સરકારી યોજનાઓનો વાસ્તવિક લાભ જરૂરિયાતમંદ નાગરિકો સુધી પહોંચશે.

સાંસદ હરિભાઈ પટેલે સોઇલ હેલ્થ કાર્ડ (SHC) ના સર્વે અંગે ધારાસભ્યો અને સ્થાનિક પદાધિકારીઓને જાણ કરવા સૂચના આપી હતી. પી.એમ. કુસુમ યોજના હેઠળ ખેડૂતોને સોલાર પ્લેટની નીચે છાયડામાં થતા પાકો લેવા માટે પ્રોત્સાહિત કરવા જેવો નવીન વિચાર રજૂ કર્યો હતો. રોજગાર મુદ્દે તેમણે VB-G RAM G યોજના હેઠળ ગ્રામીણ ક્ષેત્રમાં રોજગાર મેળા વધારવા અનુરોધ કર્યો હતો.કલેક્ટર એસ.કે. પ્રજાપતિએ તમામ વિભાગીય અધિકારીઓને સમયમર્યાદામાં લક્ષ્યાંકો સિદ્ધ કરવા સૂચના આપી હતી. બેઠકમાં પ્રધાનમંત્રી આવાસ યોજના, સ્વચ્છ ભારત મિશન અને આયુષ્યમાન ભારત જેવી ફ્લેગશિપ યોજનાઓની પણ સમીક્ષા કરવામાં આવી હતી. આ બેઠકમાં ધારાસભ્ય સરદારભાઈ ચૌધરી, સી.જે. ચાવડા, રાજેન્દ્રકુમાર ચાવડા, સુખાજી ઠાકોર અને જિલ્લા વિકાસ અધિકારી ડો. હસરત જૈસમીન સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.



**મહેસાણા કલેક્ટર કચેરી ખાતે સાંસદ હરિભાઈ પટેલના અધ્યક્ષસ્થાને 'દિશા' કમિટીની બેઠક યોજાઈ હતી. જેમાં ૩૭ વિભાગોની ૧૦૧ યોજનાઓની સમીક્ષા કરાઈ હતી. સાંસદશ્રીએ દરેક યોજનાનો લાભ છેવાડાના માનવી સુધી પહોંચાડવા અને જનપ્રતિનિધિઓ સાથે સંકલન સાધવા અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપી હતી. રિપોર્ટ : ભુરાજી ઝાલા**

# ખોખરા: 'દીકરીની સલામતી દેશના નામ' થીમ પર ધ્વજવંદન

**દૈનિક પલ્સ સમાચાર:** ધાનપુર તાલુકાના ખોખરા ગામમાં ૭૭મો પ્રજાસત્તાક પર્વ ભક્તિ અને ગૌરવના માહોલમાં ઉજવાયો હતો. સમગ્ર ગામ તિરંગાના રંગે રંગાયું હતું. આ વર્ષની ઉજવણીમાં "દીકરીની સલામતી દેશના નામ" અભિયાન હેઠળ ગામની જ એક દીકરીના હસ્તે ગૌરવપૂર્ણ ધ્વજવંદન કરાવવામાં આવ્યું હતું. આ પહેલ દ્વારા સમાજમાં દીકરીના સન્માન અને મહિલા સશક્તિકરણનો મજબૂત સંદેશ પહોંચાડવામાં આવ્યો હતો.

કાર્યક્રમ દરમિયાન સરપંચ શ્રી અર્જુનભાઈ અને અન્ય આગેવાનોએ ભારતીય બંધારણની મહત્તા, લોકશાહી પરંપરા અને સમાનતા જેવા મૂલ્યો વિશે ઉદબોધન આપ્યું હતું. તેમણે નાગરિકોને પોતાની ફરજો નિષ્ઠાપૂર્વક નિભાવવા અપીલ કરી હતી. શાળા-કોલેજના વિદ્યાર્થીઓ અને ગ્રામજનોએ રાષ્ટ્રગાનના સૂર સાથે મા ભારતીની વંદના કરી હતી. આયોજનમાં પંચાયત સભ્યો અને યુવાનોની સક્રિય ભાગીદારી જોવા મળી હતી. દેશપ્રેમ અને રાષ્ટ્રીય એકતાના આ માહોલમાં કાર્યક્રમ શાંતિપૂર્ણ રીતે સંપન્ન થયો હતો, જે ગ્રામીણ સ્તરે જાગૃતિનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે.

**રિપોર્ટ : નરેન્દ્રસિંહ ચૌહાણ**






# આણંદ: ધો. 10-12ના વિદ્યાર્થીઓ માટે "પરીક્ષા સારથી" હેલ્પલાઈન શરૂ

**દૈનિક પલ્સ સમાચાર**: આણંદ જિલ્લામાં આગામી ફેબ્રુઆરી અને માર્ચ ૨૦૨૬ દરમિયાન યોજાનારી ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાઓને લઈને વિદ્યાર્થીઓ અને વાલીઓમાં જોવા મળતા તણાવ અને મૂંઝવણને દૂર કરવા માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા "પરીક્ષા સારથી" હેલ્પલાઇન શરૂ કરવામાં આવી છે. આણંદના જિલ્લા કલેક્ટર શ્રી પ્રવીણ ચૌધરીએ આજે કલેક્ટર કચેરી ખાતેથી આ કાઉન્સેલિંગ હેલ્પલાઇન કાર્યરત કરી હોવાની જાહેરાત કરી છે.

આ હેલ્પલાઇન તારીખ ૨૭ જાન્યુઆરી ૨૦૨૬ થી ૧૮ માર્ચ ૨૦૨૬ સુધી સવારે ૯:૦૦ કલાક થી સાંજના ૧૮:૦૦ કલાક સુધી સતત ચાલુ રહેશે. જિલ્લા વહીવટી તંત્ર અને શિક્ષણ વિભાગના સંયુક્ત ઉપક્રમે તૈયાર કરવામાં આવેલી આ સેવામાં ૧૧ નિષ્ણાત કાઉન્સિલરોની નિમણૂક કરવામાં આવી છે. જેમાં શિક્ષણ જગતના પ્રતિષ્ઠિત પ્રોફેસરો, શાળાના આચાર્યો, વર્ગ-૨ ના અધિકારીઓ અને અનુભવી શિક્ષકોનો સમાવેશ થાય છે.

જિલ્લા શિક્ષણ અધિકારી શ્રી કામિનીબેન ત્રિવેદીએ જણાવ્યું કે, આ કાઉન્સિલરો વિદ્યાર્થીઓના મનોશારીરિક પ્રશ્નો, પરીક્ષાનો ડર, વાંચનમાં પડતી મુશ્કેલી અને યાદશક્તિ જેવા વિવિધ વિષયો પર ટેલિફોનિક માર્ગદર્શન આપશે. જાહેર કરાયેલા નંબરોમાં પ્રો. સમીર પટેલ (9825025994), પંકજ સુવેરા (9427381952), ડો. પલ્લવી ત્રિવેદી (9428491288), ડો. જીગર જાની (9426009495), ડો. હસમુખ ચાવડા (9537063325), ડો. મોહસીન (9737163086), ડો. સતીશ હંસપરા (9904650128), આચાર્ય અલ્પેશ ભટ્ટ (9427576515), શિક્ષિકા સોનલબેન ત્રિવેદી (9925106220), બી.બી. મહિડા (9723472685) અને અધિકારી રાકેશભાઈ પટેલ (942929770) નો સમાવેશ થાય છે. કલેક્ટર પ્રવીણ ચૌધરીએ આશા વ્યક્ત કરી છે કે આ "પરીક્ષા સારથી" હેલ્પલાઇન વિદ્યાર્થીઓને આત્મવિશ્વાસ પૂરો પાડશે અને તેમને પરીક્ષાના વાતાવરણમાં સંતુલન જાળવવામાં મદદ કરશે. વાલીઓને પણ અનુરોધ કરવામાં આવ્યો છે કે તેઓ બાળકો પર દબાણ લાવ્યા વગર આ હેલ્પલાઇનની મદદ લઈને બાળકોનું મનોબળ મજબૂત બનાવે. આણંદ જિલ્લાના શિક્ષણ ક્ષેત્રે લેવાયેલું આ પગલું વિદ્યાર્થીઓના હિતમાં ખૂબ જ મહત્વપૂર્ણ સાબિત થશે. **રિપોર્ટ : પાર્થિવ દવે**



## વડોદરા: ડ્રગ્સ ટેસ્ટિંગ કીટથી નશાખોરો પર પોલીસની લાલ આંખ

વડોદરા શહેર પોલીસ 'નશામુક્ત વડોદરા' ના અભિયાનને સફળ બનાવવા માટે કટિબદ્ધ છે. પોલીસ કમિશનર નરસિમ્હા કોમારના માર્ગદર્શન હેઠળ, શહેરના યુવાનો નશાના રવાડે ન ચઢે તે માટે વિવિધ વિભાગો સાથે સંકલન સાધીને સઘન ચેકિંગ હાથ ધરવામાં આવી રહ્યું છે. આ ઝુંબેશમાં અત્યાધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરીને પોલીસ નશાખોરો સુધી પહોંચી રહી છે.

તાજેતરમાં એસ.ઓ.જી. (SOG) વિભાગમાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ પુષ્પરાજસિંહ જયેન્દ્રસિંહ પુવારને તેમની શ્રેષ્ઠ કામગીરી બદલ પોલીસ કમિશનરના વરદ હસ્તે પ્રમાણપત્ર એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. પુષ્પરાજસિંહ વડોદરા શહેર પોલીસના એવા પ્રથમ કર્મચારી છે જેમની પસંદગી ડ્રગ્સ ટેસ્ટિંગની વિશેષ તાલીમ માટે થઈ હતી. વર્ષ ૨૦૨૩થી તેઓ આ કીટનો ઉપયોગ કરી શહેરના રસ્તાઓ અને અવાવરૂ જગ્યાઓ પર નશાખોરોની તપાસ કરી રહ્યા છે. આ કીટની વિશેષતા એ છે કે તેનાથી વ્યક્તિએ નશો કર્યો છે કે નહીં તે સ્થળ પર જ અને તત્કાલિક જાણી શકાય છે.

પુષ્પરાજસિંહે જણાવ્યું કે, "આ કામગીરીનો હેતુ માત્ર સજા કરવાનો નથી, પરંતુ નશાના મૂળ સુધી પહોંચવાનો છે. પકડાયેલા લોકો પાસેથી મળતી માહિતીના આધારે અમે ડ્રગ્સ ડીલરો પર ત્રાટકીએ છીએ, જેથી અન્ય યુવાનોને આ જાળમાં ફસાતા બચાવી શકાય." વધુમાં, જે યુવાનો નશાના આદિ બની ગયા છે તેમને રિહેબિલિટેશન સેન્ટર અને કાઉન્સેલિંગ માટે મોકલવામાં આવે છે.

પોલીસ દ્વારા વાલીઓને વિશેષ અપીલ કરવામાં આવી છે કે તેઓ પોતાના બાળકોના વર્તન પર સતત નજર રાખે. જો બાળકો અચાનક એકલતા પસંદ કરે અથવા તેમના મિત્રવર્તુળમાં શંકાસ્પદ ફેરફાર જણાય, તો ખચકાયા વગર પોલીસનો સંપર્ક કરવો જોઈએ. વહેલી તકે લેવાયેલા પગલાં કોઈનું જીવન બચાવી શકે છે. નશાખોરી એ માત્ર વ્યક્તિગત બીમારી નથી, પરંતુ તે સમાજ અને દેશના આર્થિક તથા સામાજિક માળખાને નબળું પાડે છે. વડોદરા પોલીસની આ આધુનિક અને સંવેદનશીલ અભિગમવાળી કામગીરીને કારણે શહેરમાં ડ્રગ્સના દૂષણમાં નોંધપાત્ર ઘટાડો થવાની આશા સેવાઈ રહી છે. **સંકલન : વૈશાલી પરમાર**

**વડોદરા શહેર પોલીસ દ્વારા યુવાનોને નશાના દૂષણમાંથી બચાવવા માટે 'નશા મુક્તિ સંકલ્પ' અભિયાન તેજ બનાવવામાં આવ્યું છે. પોલીસ કમિશનર નરસિમ્હા કોમારના માર્ગદર્શન હેઠળ એસ.ઓ.જી. વિભાગ ડ્રગ્સ ટેસ્ટિંગ કીટનો વ્યાપક ઉપયોગ કરી રહ્યો છે. હેડ કોન્સ્ટેબલ પુષ્પરાજસિંહ પુવારને આ દિશામાં નોંધપાત્ર યોગદાન બદલ પ્રમાણપત્ર એનાયત કરાયું છે. આ કીટ દ્વારા સ્થળ પર જ નશાની તપાસ કરી શકાય છે, જેનાથી ગુનેગારો સુધી પહોંચવું સરળ બન્યું છે. પોલીસ દ્વારા નશાખોરોને પકડવાની સાથે તેમને રિહેબિલિટેશન સેન્ટર મોકલી નવું જીવન આપવાનો પ્રયાસ પણ થઈ રહ્યો છે.**

# મોટીબરારમાં ૭૭મો પ્રજાસત્તાક પર્વ ઉજવાયો: દીકરીના હસ્તે ધ્વજવંદન

**દૈનિક પલ્સ સમાચાર:** મોટીબરાર સ્થિત મોડેલ સ્કૂલ અને રત્નમણી પ્રાથમિક શાળાના સંયુક્ત ઉપક્રમે ૭૭મા પ્રજાસત્તાક પર્વની ભવ્ય ઉજવણી તારીખ ૨૬/૦૧/૨૦૨૬ના રોજ કરવામાં આવી હતી. આ વર્ષની ઉજવણી "એક રાષ્ટ્ર - એક સંકલ્પ", "વિકસિત ભારતનું નિર્માણ" અને "વંદે માતરમ્" ના ૧૫૦ વર્ષની રાષ્ટ્રીય થીમ પર આધારિત હતી. ગામની શિક્ષિત દીકરી ચાવડા સૃષ્ટિ ભાનુભાઈના હસ્તે ધ્વજવંદન વિધિ સંપન્ન કરવામાં આવી હતી, જે સ્ત્રી સન્માન અને શિક્ષણનો ઉત્તમ સંદેશ આપે છે. કાર્યક્રમ દરમિયાન આંગણવાડી, પ્રાથમિક અને માધ્યમિક શાળાના બાળકોએ રાષ્ટ્રભક્તિથી તરબોળ કૃતિઓ રજૂ કરી હતી. ગણેશ વંદનાથી શરૂ થયેલા કાર્યક્રમમાં ઇતિહાસ કા આઈના, મહાભારતના પ્રસંગો, મ્યુઝિકલ યોગા અને આદિવાસી નૃત્ય જેવા આકર્ષણોએ સૌના મન મોહી લીધા હતા. સામાજિક જવાબદારીઓ પ્રત્યે જાગૃતિ લાવવા માટે વિદ્યાર્થીઓએ 'સ્વદેશી અપનાવો', 'વ્યસન મુક્તિ' અને 'મા-બાપને ભૂલશો નહીં' જેવા ગંભીર વિષયો પર હૃદયસ્પર્શી નાટકો રજૂ કર્યા હતા. મહિલા સશક્તિકરણને પ્રાધાન્ય આપતા ચારણ કન્યા શૌર્ય ગીત, તલવાર રાસ અને નારી શક્તિ ડ્રામા ડાન્સે પ્રેક્ષકોમાં નવા જોમનો સંચાર કર્યો હતો. હાસ્ય પ્રેમીઓ માટે 'ભમો ભૂલકણો' નાટક અને નાના ભૂલકાઓ માટે 'અક્કર ચક્કર' જેવી મનોરંજક કૃતિઓ પણ રજૂ કરાઈ હતી. કાર્યક્રમના અંતે વર્ષ દરમિયાન ઉત્કૃષ્ટ દેખાવ કરનાર તેજસ્વી વિદ્યાર્થીઓને શીલ્ડ અને ઇનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ ભવ્ય ઉજવણીમાં સ્થાનિક તેમજ આસપાસના ગામોના રાજકીય, સામાજિક અને ધાર્મિક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. ગ્રામજનોએ પણ મોટી સંખ્યામાં હાજર રહી બાળકોના ઉત્સાહમાં વધારો કર્યો હતો. આચાર્ય બી. એન. વિડજા અને સમગ્ર શાળા પરિવાર દ્વારા કરવામાં આવેલા આ ભવ્ય આયોજનની મહેમાનોએ મુક્ત કંઠે પ્રશંસા કરી હતી અને સૌને પ્રજાસત્તાક પર્વની શુભેચ્છાઓ પાઠવી હતી.



**મોટીબરાર મોડેલ સ્કૂલ ખાતે ૭૭મા પ્રજાસત્તાક પર્વની શાનદાર ઉજવણી કરાઈ. ગામની દીકરી સૃષ્ટિ ચાવડાના હસ્તે ધ્વજવંદન બાદ વિદ્યાર્થીઓએ દેશભક્તિના સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કર્યા હતા. તેજસ્વી તારલાઓને ઇનામો આપી પ્રોત્સાહિત કરાયા હતા. સમગ્ર આયોજનને ગ્રામજનોએ ભારે પ્રતિસાદ આપ્યો હતો. રિપોર્ટ બોચિયા નરોત્તમભાઇ**

# આખા ગામે સ્વામિનારાયણ મંદિરે ભવ્ય શાકોત્સવની ઉજવણી કરાઈ

## આખા સ્વામિનારાયણ મંદિરે પરંપરાગત શાકોત્સવ ઉજવાયો

**દૈનિક પલ્સ સમાચાર:** શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં શાકોત્સવનું વિશેષ મહત્વ છે, જે અંતર્ગત આખા ગામે ભક્તિમય વાતાવરણમાં શાકોત્સવ સંપન્ન થયો. શિયાળાની ઠંડીમાં શુદ્ધ ઘીમાં તૈયાર કરાયેલ રીંગણનું શાક અને બાજરીના રોટલાનો પ્રસાદ હરિભક્તો માટે આકર્ષણનું કેન્દ્ર રહ્યો હતો. આ પરંપરા ભગવાન સ્વામિનારાયણની લોયા ગામની લીલાની યાદ અપાવે છે. ધર્મસભાને સંબોધતા જુનાગઢના ભક્તિકિશોર સ્વામીએ જણાવ્યું કે ભગવાન પોતે જ્યારે ભક્તો માટે રસોઈ બનાવે ત્યારે તે માત્ર ભોજન નહીં પણ ભક્તિનો પ્રસાદ બની જાય છે. પાટણથી પધારેલા શાસ્ત્રી ભક્તિપ્રસાદ સ્વામીએ હરિભક્તોને નિષ્ઠાવાન જીવન જીવવા પ્રેરણા આપી હતી. આ અવસરે મંદિરના પૂજારી બીપીનભાઈ મહેતાની વર્ષોની સેવાને બિરદાવવામાં આવી હતી. લુકકા પરિવારના યજમાનપદે યોજાયેલા આ ઉત્સવમાં નિલેશ કાનાબાર સહિત વેરાવળના અનેક સત્સંગીઓ જોડાયા હતા. સંતોના હાથે પીરસાયેલા પ્રસાદનો લ્હાવો લેવા આખું ગામ ઉમટી પડ્યું હતું. સંચાલકો દ્વારા વ્યવસ્થાનું સુંદર આયોજન કરાયું હતું, જેના કારણે હરિભક્તોએ શાંતિપૂર્ણ રીતે દર્શન અને પ્રસાદનો લાભ લીધો. આ આયોજનથી નવી પેઢીને પણ સંપ્રદાયના મૂલ્યો અને જૂની પરંપરાઓનો પરિચય મળ્યો હતો.



**આખા મુકામે આવેલ શ્રી સ્વામિનારાયણ મંદિરે શિયાળાની ઋતુમાં સંપ્રદાયની વર્ષો જૂની પરંપરા મુજબ શાકોત્સવની ઉજવણી કરવામાં આવી. ભગવાન સ્વામિનારાયણે લોયા ગામે કરેલા શાકોત્સવની સ્મૃતિમાં આ આયોજન કરાયું હતું. જેમાં ભક્તિકિશોર સ્વામી અને શાસ્ત્રી ભક્તિપ્રસાદ સ્વામીએ પ્રાસંગિક પ્રવચન આપ્યા હતા. કાર્યક્રમ દરમિયાન મંદિરના પૂજારી બીપીનભાઈ મહેતા અને યજમાન લુકકા પરિવારનું સન્માન કરવામાં આવ્યું હતું. અંતમાં હરિભક્તોએ રીંગણનું શાક અને બાજરીના રોટલાના પ્રસાદનો ભાવપૂર્વક લાભ લીધો હતો.**

# પલસાણા આના ગામ દીપડો પકડાયો

## પલસાણા: આના ગામમાં બે મહિનામાં ત્રીજો દીપડો પકડાયો

**દૈનિક પલ્સ સમાચાર:** સુરત જિલ્લાના પલસાણા તાલુકાના આના ગામમાં દીપડાનો આતંક ઓછો થવાનું નામ નથી લઈ રહ્યો. ગામના ગોટીયા ફળિયા વિસ્તારમાં આજે વહેલી સવારે એક માદા દીપડો પાંજરે પુરાતા ગ્રામજનોએ રાહતનો શ્વાસ લીધો છે. વિજયભાઈ હળપતિના ઘરે છેલ્લા બે દિવસથી દીપડો મરઘાનો શિકાર કરવા આવતો હતો. ગઈકાલે સવારે જ્યારે વિજયભાઈએ દરવાજો ખોલ્યો ત્યારે દીપડા સાથે તેમનો સામનો થયો હતો, ત્યારબાદ દીપડો કોતર તરફ ભાગી ગયો હતો. આ ઘટનાની જાણ પિયુષભાઈ હળપતિ અને જતીન રાઠોડ (ફ્રેન્ડ્સ ઓફ એનિમલ્સ) દ્વારા વન વિભાગને કરવામાં આવી હતી. આરએફઓ સુધાબેન ચૌધરી અને નાયક સાહેબની સૂચનાથી ફળિયામાં પાંજરું ગોઠવવામાં આવ્યું હતું. આજે સવારે આશરે ૪ વાગ્યે શિકારની લાલચે અઢી વર્ષની માદા દીપડો પાંજરામાં કેદ થઈ ગઈ હતી. વન વિભાગના કર્મચારી ભરતભાઈ અને ટીમ ઘટનાસ્થળે પહોંચી દીપડાને સુરક્ષિત રીતે રેન્જ ઓફિસ લઈ ગયા હતા. નોંધનીય છે કે છેલ્લા બે મહિનામાં આ ફળિયામાંથી પકડાયેલો આ ત્રીજો દીપડો છે. **રિપોર્ટ : સરફરાઝ શેખ**



# ગોઢાણીયા સંકુલમાં ૭૭મો ગણતંત્ર દિવસ ઉજવાયો: ડૉ. વિરમભાઈ ગોઢાણીયા

**દૈનિક પલ્સ સમાચાર:** પોરબંદરના જાણીતા માલદેવજી ઓડેદરા સ્મારક ટ્રસ્ટ સંચાલિત ગોઢાણીયા શૈક્ષણિક સંકુલમાં ૭૭મા ગણતંત્ર દિવસની ભવ્ય અને ગરિમાપૂર્ણ ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆત ટ્રસ્ટના પ્રમુખ અને જાણીતા કેળવણીકાર ડૉ. વિરમભાઈ ગોઢાણીયાના હસ્તે ધ્વજવંદનથી કરવામાં આવી હતી.

પોતાના સંબોધનમાં ડૉ. વિરમભાઈએ ભારતના ક્રાંતિવીરો, ગાંધીજી અને બંધારણના શિલ્પી ડૉ. બાબાસાહેબ આંબેડકરના યોગદાનને યાદ કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, "આજના સમયમાં સીમા પર લડવું જ દેશભક્તિ નથી, પરંતુ પોતાની ફરજો પ્રમાણિકતાથી નિભાવવી એ જ સાચી દેશભક્તિ છે." તેમણે વિકસિત ભારત ૨૦૪૭ ના લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે યુવાનોને રિસર્ચ અને ઇનોવેશનમાં આગળ વધવા હાકલ કરી હતી. આ ઉપરાંત, તેમણે બંકિમચંદ્ર ચેટર્જી રચિત 'વંદે માતરમ્' ગીતને ૧૫૦ વર્ષ પૂર્ણ થઈ રહ્યા હોવાથી તેની રાષ્ટ્રીય અગત્યતા સમજાવી હતી.

કાર્યક્રમમાં એન.સી.સી. કેડેટ્સ દ્વારા રજૂ કરવામાં આવેલી 'વંદે માતરમ્' થીમ આધારિત ક્રાંતિવીરોની વેશભૂષા આકર્ષણનું કેન્દ્ર બની હતી. એન.સી.સી., એન.એસ.એસ., નોવેલ અને સી.સી.એ. ના વિદ્યાર્થીઓએ સુસંગત પરેડ દ્વારા શિસ્તના દર્શન કરાવ્યા હતા. અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત શ્રીમતી જયશ્રીબેન ગોઢાણીયાએ પણ વિદ્યાર્થીઓને આશીર્વાદ પાઠવ્યા હતા. સમગ્ર આયોજનનું સંચાલન એન.સી.સી. ઓફિસર શાંતિબેન ભૂતિયા અને ડૉ. એમ.એન. વાઘેલાએ સંભાળ્યું હતું. કાર્યક્રમના અંતે મહિલા કોલેજના પ્રિન્સિપાલ ડૉ. કેતનભાઈ શાહે આભારવિધિ કરી હતી. આ ઉજવણીમાં સંકુલની વિવિધ સંસ્થાઓના પ્રિન્સિપાલો, પ્રોફેસરો અને હજારો વિદ્યાર્થીઓએ હાજરી આપી રાષ્ટ્રધ્વજને સલામી આપી હતી. આ પર્વે ગોઢાણીયા સંકુલમાં રાષ્ટ્રવાદ અને સમર્પણનો અનોખો માહોલ જોવા મળ્યો હતો. **રિપોર્ટ : હર્ષ ભરડા**






# કોડિયાવાડા ગામે નવીન સમાજ વાડીનું ખાતમુહૂર્ત કરાયું

**દૈનિક પલ્સ સમાચાર:** વિજયનગર તાલુકાના કોડિયાવાડા ગામે સામાજિક એકતા અને સુવિધાના પ્રતિક સમાન નવીન સમાજ વાડીનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે. સમાજના વિવિધ પ્રસંગો અને કાર્યક્રમો માટે ઉપયોગી બને તેવા હેતુથી આ વાડીનું નિર્માણ હાથ ધરવામાં આવ્યું છે.

ખાતમુહૂર્ત પ્રસંગે પટેલ સમાજના પ્રમુખ પંકજભાઈ, મહામંત્રી કાળુભાઈ, આર. ડી. પટેલ તેમજ ડો. પરેશભાઈ સહિતના મહાનુભાવોએ હાજર રહી પૂજન વિધિમાં ભાગ લીધો હતો. સમાજના અગ્રણીઓએ જણાવ્યું હતું કે, આ વાડીના નિર્માણથી કોડિયાવાડા અને આસપાસના વિસ્તારના લોકોને સામાજિક પ્રસંગો યોજવા માટે એક ઉત્તમ સ્થળ મળી રહેશે. આ કાર્યક્રમમાં ગામના વડીલો, યુવાનો અને સમસ્ત કોડિયાવાડા ગ્રામજનો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. શાસ્ત્રોક્ત મંત્રોચ્ચાર સાથે નવીન વાડીના પાયાનું પૂજન કરી કાર્યક્રમ સંપન્ન કરાયો હતો. આગામી સમયમાં ઝડપથી નિર્માણ કાર્ય પૂર્ણ થાય તે માટે ગ્રામજનોએ ઉત્સાહ દાખવ્યો હતો. **રિપોર્ટ યાજ્ઞિક પટેલ**



# અંગારેશ્વર ખોડલધામમાં ખોડિયાર જયંતીની ભવ્ય ઉજવણી

**દૈનિક પલ્સ સમાચાર:** નર્મદા તટ પર આવેલા અંગારેશ્વર ગામના ખોડલધામ મંદિરે ખોડિયાર જયંતીના પાવન અવસરે આસ્થાનો મહાસાગર ઉમટ્યો હતો. માં ખોડીયારના પ્રાગટ્ય દિનની ભવ્ય ઉજવણીના ભાગરૂપે મંદિરમાં નવચંડી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. યજ્ઞશાળામાં વેદમંત્રોના નાદ સાથે આહુતિઓ આપવામાં આવી હતી અને સમગ્ર પંથકની સુખ-શાંતિ માટે પ્રાર્થના કરાઈ હતી. માતાજીના વિશેષ શ્રૃંગાર અને આરતીનો લાભ લેવા વહેલી સવારથી જ શ્રદ્ધાળુઓની ભીડ જામી હતી.

યજ્ઞની પૂર્ણાહુતિ બાદ વિશાળ ભંડારો યોજાયો હતો, જેમાં ભક્તોએ પંગતમાં બેસી પ્રસાદનો લ્હાવો લીધો હતો. મંદિરની આસપાસના વિસ્તારોમાંથી સેંકડો માઈભક્તો આ દર્શન અને પ્રસાદ માટે ઉમટી પડ્યા હતા. આ સાથે જ મંદિરની સેવાકીય પ્રવૃત્તિઓની પણ વિશેષ નોંધ લેવાઈ હતી. અંગારેશ્વર ખોડલધામ મંદિર દ્વારા નર્મદા પરિક્રમાવાસીઓ માટે બારેમાસ અન્નક્ષેત્ર ચલાવવામાં આવે છે. પરિક્રમાના કઠિન માર્ગ પર નીકળેલા શ્રદ્ધાળુઓ માટે અહીં નિ:શુલ્ક ભોજન અને આરામની વ્યવસ્થા હોવાથી તે પરિક્રમાવાસીઓ માટે મોટું આશ્વાસન બને છે. ખોડિયાર જયંતીની આ ઉજવણી ભક્તિ અને માનવતાના સમન્વય સમાન રહી હતી. **રિપોર્ટ : શૈલેષ સોલંકી**



# લોકગાયક શિક્ષક રાજુભાઈ સાવલિયાનું જિલ્લા કક્ષાના પ્રજાસત્તાક પર્વે સન્માન

**દૈનિક પલ્સ સમાચાર:** જિલ્લા કક્ષાના ૭૭મા પ્રજાસત્તાક પર્વની શાનદાર ઉજવણી તાજેતરમાં જવાહર ગ્રાઉન્ડ ખાતે કરવામાં આવી હતી. આ રાષ્ટ્રીય મહોત્સવમાં દેશભક્તિના માહોલ વચ્ચે જિલ્લાના તેજસ્વી તારલાઓ અને વિશિષ્ટ સેવા આપનાર મહાનુભાવોના સન્માનનો કાર્યક્રમ આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો. આ સન્માનિતોમાં બાળા પ્રાથમિક શાળાના આદર્શ શિક્ષક શ્રી રાજુભાઈ સાવલિયાની પસંદગી કરવામાં આવી હતી, જે સમગ્ર પંથક માટે ગૌરવની બાબત છે.

શિક્ષણ જગતમાં પોતાની કાર્યનિષ્ઠા માટે જાણીતા રાજુભાઈ સાવલિયાએ કલાના ક્ષેત્રમાં પણ જિલ્લાનું નામ રાજ્ય સ્તરે ઉજ્જવળ કર્યું છે. રાજ્ય કક્ષાની લોકગીત સ્પર્ધામાં તેમણે ભાગ લઈને પોતાની અદ્ભુત ગાયકી અને લોક કલાના કૌશલ્ય દ્વારા ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું. તેમની આ કલાત્મક રૂચિ અને સિદ્ધિની કદર કરતા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પ્રજાસત્તાક દિનની મુખ્ય ઉજવણીમાં તેમને આમંત્રિત કરવામાં આવ્યા હતા. જવાહર ગ્રાઉન્ડના મંચ પરથી મુખ્ય અતિથિશ્રી અને અન્ય મહાનુભાવોના હસ્તે રાજુભાઈને પ્રશસ્તિપત્ર અને સન્માન પત્ર એનાયત કરવામાં આવ્યું હતું.

રાજુભાઈનું આ સન્માન માત્ર એક વ્યક્તિગત સફળતા નથી, પરંતુ તે એક શિક્ષકની અંદર છુપાયેલી કલા અને સંસ્કારોનું પણ સન્માન છે. બાળા પ્રાથમિક શાળાના આચાર્ય અને સ્ટાફ મિત્રોએ આ પ્રસંગે હર્ષ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, રાજુભાઈની આ સિદ્ધિથી શાળાના વિદ્યાર્થીઓને પણ અભ્યાસની સાથે કલા ક્ષેત્રે આગળ વધવાની પ્રેરણા મળશે.

જવાહર ગ્રાઉન્ડ ખાતે ઉપસ્થિત વિશાળ જનમેદનીએ આ પળે રાજુભાઈને પ્રોત્સાહિત કર્યા હતા. રાજુભાઈ સાવલિયાએ આ તકે આભાર વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, લોકગીતો એ આપણી સંસ્કૃતિનો આત્મા છે અને તેને સાચવવી એ આપણી સૌની ફરજ છે. આ સન્માન બાદ સોશિયલ મીડિયા અને રૂબરૂમાં રાજુભાઈ પર શુભેચ્છાઓનો વરસાદ થઈ રહ્યો છે. **રિપોર્ટ : ડી.જી.જાડેજા**



**જવાહર ગ્રાઉન્ડ ખાતે જિલ્લા કક્ષાના પ્રજાસત્તાક પર્વે બાળા પ્રાથમિક શાળાના શિક્ષક રાજુભાઈ સાવલિયાનું વિશિષ્ટ સન્માન કરાયું.**

# ઇનોવેટિવ કિડ સ્કૂલનો વાર્ષિક ઉત્સવ: બાળકોએ કલાના કામણ પાથર્યા

**દૈનિક પલ્સ સમાચાર:** ઇનોવેટિવ કિડ સ્કૂલ ખાતે વાર્ષિક ઉત્સવની ભવ્ય અને યાદગાર ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં શાળાના ભૂલકાઓ સાથે તેમના વાલીઓએ પણ સક્રિયપણે ભાગ લઈને ઉત્સવનો આનંદ બમણો કર્યો હતો. કાર્યક્રમની શરૂઆત મંગલ ગીતો અને પ્રસ્તુતિઓથી થઈ હતી, ત્યારબાદ વિવિધ સ્પર્ધાઓ અને સાંસ્કૃતિક કૃતિઓની હારમાળા સર્જાઈ હતી.

વિદ્યાર્થીઓએ ગ્રૂપ ડાન્સ, ડ્યૂએટ ડાન્સ અને સોલો નૃત્યમાં પોતાની લયબદ્ધતા બતાવી હતી. પર્સનલ ટેલેન્ટ વિભાગમાં બાળકોએ પોતાની અનોખી આવડત રજૂ કરી હતી. કરાઓકે ગીતોના તાલે સમગ્ર હોલ ગુંજી ઉઠ્યો હતો. ફેન્સી ડ્રેસ સ્પર્ધામાં બાળકો વિવિધ પાત્રોમાં સજ્જ થઈને આવ્યા હતા, જે જોઈ વાલીઓ અને મહેમાનો ભાવવિભોર થયા હતા. શાળા દ્વારા દરેક બાળકના ઉત્સાહને વધારવા માટે તેમને મેડલ અને આકર્ષક ગિફ્ટ એનાયત કરવામાં આવી હતી. પુરસ્કાર વિતરણ સમારોહમાં શૈક્ષણિક શ્રેષ્ઠતાને પ્રાધાન્ય આપતા દરેક ક્લાસ વાઈઝ એક 'બેસ્ટ સ્ટુડન્ટ'ની પસંદગી કરવામાં આવી હતી અને તેમને શીલ્ડ આપી નવાજવામાં આવ્યા હતા. આ ઉપરાંત, શૈક્ષણિક અને સાંસ્કૃતિક એમ બંને ક્ષેત્રે અવ્વલ રહેનાર વિદ્યાર્થીને સમગ્ર સ્કૂલના 'બેસ્ટ સ્ટુડન્ટ'નું પ્રતિષ્ઠિત શીલ્ડ એનાયત કરાયું હતું. આ ભવ્ય કાર્યક્રમનું સ્ટેજ સંચાલન હેમા બેન ત્રિવેદી તથા દિયા પાટડિયાએ અત્યંત પ્રભાવશાળી શૈલીમાં કર્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા માટે શાળાના સ્ટાફ મિત્રો અને વાલી મંડળના સભ્યોએ દિવસ-રાત મહેનત કરી હતી. વાલીઓએ શાળાના આ અભિગમને બિરદાવતા જણાવ્યું હતું કે, આવા કાર્યક્રમોથી બાળકોમાં આત્મવિશ્વાસ અને સ્ટેજ ફિયર દૂર થાય છે. આ વાર્ષિક ઉત્સવ હર્ષોલ્લાસ સાથે સંપન્ન થયો હતો અને સૌ કોઈ આગામી વર્ષના ઉત્સવની આતુરતા સાથે છૂટા પડ્યા હતા.



**ઇનોવેટિવ કિડ સ્કૂલ ખાતે વાર્ષિક ઉત્સવની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી. બાળકો અને વાલીઓએ ડાન્સ, ફેન્સી ડ્રેસ અને ગીતો રજૂ કરી સૌના દિલ જીતી લીધા હતા. તેજસ્વી વિદ્યાર્થીઓને શીલ્ડ અને મેડલ આપી સન્માનિત કરાયા હતા. શાળા અને વાલી પરિવારે આ સફળતા માટે ભારે જહેમત ઉઠાવી હતી.**
**રિપોર્ટ : ડી.જી.જાડેજા**

# મીનાવાડામાં ડીજે વોર ભારે પડી: 80 લાખનો મુદ્દામાલ જપ્ત, 3ની ધરપકડ

## મીનાવાડામાં ડીજે સ્પર્ધામાં પથ્થરમારો: 80 લાખના ડીજે જપ્ત

**દૈનિક પલ્સ સમાચાર:** મહુધાના મીનાવાડા ગામે ડી.જે. ના અવાજની સ્પર્ધામાં જાહેર શાંતિનો ભંગ થવાની ઘટના સામે આવી છે. લગ્ન પ્રસંગે બે જૂથો વચ્ચે કોનું ડી.જે. વધુ જોરથી વાગે છે તેની સ્પર્ધા જામી હતી. આ જોવા માટે આસપાસના વિસ્તારોમાંથી અંદાજે ૧૦,૦૦૦ લોકો ઉમટી પડ્યા હતા. ભારે અવાજ અને ભીડ વચ્ચે ઉગ્ર બોલાચાલી થતા મામલો પથ્થરમારા સુધી પહોંચ્યો હતો. આ હિંસામાં પોલીસ પર પણ હુમલો કરવામાં આવ્યો હતો. ઘટનાની ગંભીરતા જોતા પોલીસના ઉચ્ચ અધિકારીઓ કાફલા સાથે ઘટનાસ્થળે પહોંચ્યા હતા. પોલીસે કડક વલણ અપનાવી હિંસા આચરનારા તત્વોને વિખેરી નાખ્યા હતા. કાનૂની કાર્યવાહીના ભાગરૂપે અરવલ્લી, ખેડા અને નડિયાદના ત્રણ શખ્સોની તાત્કાલિક ધરપકડ કરવામાં આવી છે. પોલીસ રેકોર્ડ મુજબ, જપ્ત કરાયેલા બે ડી.જે. સેટની કિંમત ૮૦ લાખ રૂપિયા આંકવામાં આવી છે.

પોલીસે સ્પષ્ટ કર્યું છે કે સોશિયલ મીડિયા પર આ ઘટનાના ઉશ્કેરણીજનક વીડિયો મૂકનારાઓ સામે પણ ગુનો નોંધવામાં આવ્યો છે. ડી.જે. માલિકો, એનાઉન્સર્સ અને તેમની ટીમ હાલ પોલીસ પકડથી દૂર છે, જેમને પકડવા માટે ટીમો બનાવવામાં આવી છે. આ કાર્યવાહી પંથકમાં ચર્ચાનો વિષય બની છે અને લગ્ન પ્રસંગોમાં ડી.જે. વગાડનારાઓ માટે લાલબત્તી સમાન કિસ્સો છે.

**રિપોર્ટ : ખાંટ મનુભાઈ**



**ખેડા જિલ્લાના મીનાવાડા ગામે લગ્ન પ્રસંગમાં બે ડી.જે. વચ્ચેની સ્પર્ધામાં હિંસા ભભૂકી ઉઠી હતી. ૧૦ હજારની મેદની વચ્ચે પથ્થરમારો થતા પોલીસે કડક કાર્યવાહી કરી છે. પોલીસે ૮૦ લાખના ડી.જે. સિસ્ટમ જપ્ત કરી ત્રણ શખ્સોની ધરપકડ કરી તપાસ તેજ કરી છે.**

# લાલબજાર જયભીમ ટીમ ક્રિકેટ ટુર્નામેન્ટ ભરૂચ

## ભરૂચ: સ્વ. મનોજભાઈ સોલંકી સ્મરણાર્થે ક્રિકેટ ટુર્નામેન્ટ

**દૈનિક પલ્સ સમાચાર:** ભરૂચના રમતપ્રેમી યુવાનો માટે લાલબજાર જયભીમ ટીમ દ્વારા એક ખાસ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે. આ ટુર્નામેન્ટ સમાજસેવક સ્વ. મનોજભાઈ દેવજીભાઈ સોલંકીના સ્મરણાર્થે ડી.એસ.પી. ઓફિસ ગ્રાઉન્ડ પર રમાઈ રહી છે. ઉદ્ઘાટન સમારોહમાં આમંત્રિત મહેમાનો દ્વારા દીપ પ્રાગટ્ય અને ફીત કાપીને મેચની શરૂઆત કરાવવામાં આવી હતી. આ તકે સ્થાનિક આગેવાનો અને ગુરુજનોએ ઉપસ્થિત રહી ખેલાડીઓનો ઉત્સાહ વધાર્યો હતો.

આ ટુર્નામેન્ટમાં ભરૂચ શહેર અને જિલ્લાની વિવિધ પ્રતિભાશાળી ટીમો વચ્ચે ખરાખરીનો જંગ જોવા મળી રહ્યો છે. આયોજકો દ્વારા મેદાન પર ખેલાડીઓ માટે પીવાનું પાણી, મેડિકલ સહાય અને પૂરતી સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે જેથી સમગ્ર ટુર્નામેન્ટ શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થાય. ૩૧મી તારીખે રમાનારી ફાઈનલ મેચમાં મુખ્ય અતિથિ તરીકે ધારાસભ્ય રમેશભાઈ મિસ્ત્રી હાજર રહેશે અને વિજેતા ટીમોને ટ્રોફી તેમજ મેડલ એનાયત કરશે. શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર બેટ્સમેન અને બોલરને પણ વિશેષ ઇનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવશે. જયભીમ ટીમના સભ્યોના જણાવ્યા અનુસાર, યુવાનોમાં રમતગમત પ્રત્યે રુચિ કેળવવા અને સામાજિક એકતા વધારવા માટે ભવિષ્યમાં પણ આવા આયોજનો થતા રહેશે. **રિપોર્ટ : શૈલેષ સોલંકી**



# વડોદરાના દુમાડ પાસે અકસ્માત: ટ્રકની અડફેટે બાઈક ચાલકનું મોત

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરા-સાવલી રોડ પર આજે વહેલી સવારે કુદરતી ધુમ્મસ અને અકસ્માતનો કારમો સંગમ જોવા મળ્યો હતો. પંથકમાં સવારથી જ છવાયેલા ધુમ્મસના કારણે વાહનચાલકોને માર્ગ જોવામાં મુશ્કેલી પડી રહી હતી, ત્યારે જ દુમાડ ગામ પાસે ગણપતપુરા પાટીયા નજીક એક ભયાનક અકસ્માત સર્જાયો હતો. એક પૂરઝડપે આવતી ટ્રકે બાઈકને અડફેટે લેતા અકસ્માત સર્જાયો હતો, જેમાં બાઈક ચાલક વલ્લભભાઈ સોમાભાઈ પટેલનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું. મળતી માહિતી મુજબ, મૃતક વલ્લભભાઈ ખેડા જિલ્લાના સનાદરા ગામના વતની હતા. અકસ્માત એટલો ભયાનક હતો કે બાઈક ચાલકને બચવાની તક મળી ન હતી. આ ઘટનાની જાણ થતા જ વડોદરા જિલ્લાના આરોગ્ય સમિતિ ચેરમેન નરેન્દ્રભાઈ રોહિત તાત્કાલિક સ્થળ પર પહોંચ્યા હતા અને શોક વ્યક્ત કર્યો હતો. તેમણે પોલીસ અને વહીવટી તંત્ર સાથે સંકલન સાધીને જરૂરી કાર્યવાહી ઝડપી બનાવવા સૂચનાઓ આપી હતી.

અકસ્માતને પગલે સાવલી-વડોદરા મુખ્ય માર્ગ પર ટ્રાફિકના દ્રશ્યો સર્જાયા હતા. હાઈવે પર વાહનોની લાંબી લાઈનો લાગી જતા પોલીસે ઘટનાસ્થળે પહોંચી ટ્રાફિક ક્લિયર કરવાની કામગીરી હાથ ધરી હતી. પોલીસે મૃતદેહનો કબજો મેળવી તેને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડ્યો છે. વહેલી સવારના વાતાવરણ અને ધુમ્મસના કારણે વિઝિબિલિટી ઓછી હોવાથી આ અકસ્માત સર્જાયો હોવાનું અનુમાન છે. આ દુર્ઘટનાને પગલે મૃતકના પરિવારમાં અને સનાદરા ગામમાં શોકનું મોજું ફરી વળ્યું છે. હાઈવે પર પૂરપાટ ઝડપે દોડતા વાહનો અને ધુમ્મસના સમયે રાખવાની સાવચેતી બાબતે આ ઘટનાએ ફરી એકવાર ચેતવણી આપી છે.

**રિપોર્ટ : કિરણકુમાર ગોહેલ**

**સાવલી-વડોદરા રોડ પર દુમાડ ગામ પાસે ટ્રક અને બાઈક વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ દુર્ઘટનામાં બાઈક ચાલક વલ્લભભાઈ સોમાભાઈ પટેલનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું છે. ધુમ્મસભર્યા વાતાવરણ વચ્ચે સર્જાયેલા અકસ્માતને પગલે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.**




# પ્રજાસત્તાક પર્વે ભરવાડ સમાજની દીકરીઓ જિલ્લામાં પ્રથમ

**દૈનિક પલ્સ સમાચાર:** ૨૬ જાન્યુઆરી, ૭૭મા પ્રજાસત્તાક દિવસની છોટાઉદેપુર જિલ્લાની મુખ્ય ઉજવણી બોડેલી ખાતેની કન્યા શાળામાં કરવામાં આવી હતી. આ શાનદાર કાર્યક્રમમાં ભરવાડ સમાજની દીકરીઓએ મોટી સંખ્યામાં ભાગ લઈ પોતાની સંસ્કૃતિ અને સાહસનું પ્રદર્શન કર્યું હતું.

ભરવાડ સમાજની આ દીકરીઓએ પરંપરાગત પેરવેશમાં સજ્જ થઈને 'હુડો' નૃત્ય રજૂ કર્યું હતું. આ નૃત્ય દરમિયાન તેમણે જે રીતે લાકડીઓ ફેરવીને સાહસિક કરતબો બતાવ્યા, તેણે ઉપસ્થિત તમામ મહાનુભાવો અને જનમેદનીનું દિલ જીતી લીધું હતું. દીકરીઓના આ અનોખા અંદાજ અને જોમ-જુસ્સાને જોતા, તેમને સમગ્ર જિલ્લામાં સાંસ્કૃતિક કાર્યક્રમમાં પ્રથમ ક્રમે વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. આ સફળતા બદલ તેમને રૂ. ૧૧,૦૦૦ની રોકડ પુરસ્કાર અને ભેટ આપી સન્માનિત કરાયા હતા. આ સિદ્ધિથી ભરવાડ સમાજ અને સમગ્ર જિલ્લામાં ગૌરવની લાગણી ફેલાઈ છે. **રિપોર્ટ : મુકેશ પટેલ**



# દાહોદના કારઠમાં પ્રજાસત્તાક પર્વની ઉજવણી: મંત્રીએ આપ્યો ચેક

**દૈનિક પલ્સ સમાચાર:** દાહોદ જિલ્લામાં પ્રજાસત્તાક પર્વની શાનદાર ઉજવણી કારઠ ખાતે કરવામાં આવી હતી. પ્રભારી મંત્રી અર્જુનભાઈ મોઢવાડીયાએ ગર્વભેર રાષ્ટ્રધ્વજ લહેરાવી સલામી આપી હતી. આ પ્રસંગે તેમની સાથે કલેક્ટર અને પોલીસ અધિક્ષક પણ જોડાયા હતા. મંત્રીશ્રીએ આઝાદીના વીરોને શ્રદ્ધાંજલિ અર્પતા જણાવ્યું હતું કે દેશની ઉન્નતિ માટે વિકાસ અને રાષ્ટ્રવાદ અનિવાર્ય છે. ઉજવણી દરમિયાન લીમડી તાલુકાના સર્વાંગી વિકાસ માટે રૂ. ૨૫ લાખનો ચેક અને કારઠ ગામ માટે રૂ. ૨ લાખનો પ્રોત્સાહક ચેક અર્પણ કરાયો હતો. મંત્રીશ્રીએ નમો લક્ષ્મી અને નમો સરસ્વતી જેવી યોજનાઓ દ્વારા દીકરીઓના બેંક ખાતામાં સીધી સહાય જમા થવાની પ્રક્રિયાને બિરદાવી હતી. આદિવાસી બાહુલ્ય ધરાવતા દાહોદ જિલ્લામાં પીએમ જનમન અભિયાન અને આદિ સેવા કેન્દ્રો થકી છેવાડાના માનવી સુધી લાભો પહોંચી રહ્યા હોવાનો સંતોષ તેમણે વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમમાં આકર્ષક પરેડ, વિવિધ વિભાગોના ટેબ્લો અને શાળા-કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા રાષ્ટ્રભક્તિના નૃત્યો રજૂ કરવામાં આવ્યા હતા. વિવિધ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કાર્ય કરનાર અધિકારીઓ અને કર્મચારીઓને સન્માનિત કરાયા હતા. આ પ્રસંગે સાંસદ જશવંતસિંહ ભાભોર સહિત જિલ્લાના તમામ ધારાસભ્યો અને વહીવટી તંત્રના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની પૂર્ણાહુતિ વૃક્ષારોપણ દ્વારા કરવામાં આવી હતી.

**રિપોર્ટ : શેખ અબ્દુલ કાદિર**



**દાહોદ જિલ્લાના કારઠ ખાતે પ્રભારી મંત્રી અર્જુનભાઈ મોઢવાડીયાની અધ્યક્ષતામાં ૭૭મા પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરાઈ. મંત્રીશ્રીએ લીમડી તાલુકાના વિકાસ માટે રૂ. ૨૫ લાખ અને કારઠ ગામ માટે રૂ. ૨ લાખનો ચેક અર્પણ કર્યો હતો. વિવિધ ક્ષેત્રના કર્મયોગીઓનું સન્માન અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતા.**

# કંબોયા ખોડીયાર ધામમાં ખોડીયાર જયંતીની ભવ્ય ઉજવણી

**દૈનિક પલ્સ સમાચાર:** કપડવંજ તાલુકાના કંબોયા ગામે આવેલ સુપ્રસિદ્ધ આઈ શ્રી ખોડીયાર ધામ ખાતે ૨૬ જાન્યુઆરી ૨૦૨૬, સોમવારના રોજ ખોડીયાર જયંતીની ભવ્ય ઉજવણી કરવામાં આવી. આ પવિત્ર દિવસે કંબોયા સહિત આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં ભક્તજનો માતાજીના દર્શનાર્થે ઉમટી પડ્યા હતા.

ઉત્સવની શરૂઆત માતાજીના વિશેષ શ્રૃંગાર અને પૂજન વિધિથી કરવામાં આવી હતી. સાંજના સમયે ભક્તો દ્વારા સમૂહમાં મહાઆરતી કરવામાં આવી અને હજારો દીપ પ્રગટાવી સમગ્ર ધામને રોશન કરવામાં આવ્યું હતું. શ્રદ્ધાળુઓએ માતાજીના ચરણોમાં શીશ ઝુકાવી આશીર્વાદ મેળવ્યા હતા. રાત્રિના સમયે ભવ્ય રાસ-ગરબાનું આયોજન કરાયું હતું, જેમાં ગ્રામજનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ભક્તિ, આરતી અને ગરબાના ત્રિવેણી સંગમ સમાન આ ઉત્સવે ભક્તોમાં નવો ઉર્જાનો સંચાર કર્યો હતો. આ આયોજનને સફળ બનાવવા માટે મંદિર ટ્રસ્ટ અને ગ્રામજનોએ ભારે જહેમત ઉઠાવી હતી.

**રિપોર્ટ : દિપક પરમાર**



# એસ.જે. વિદ્યાસંકુલમાં પ્રજાસત્તાક પર્વની ભવ્ય ઉજવણી અને સન્માન

**દૈનિક પલ્સ સમાચાર:** એસ.જે. વિદ્યાસંકુલ ખાતે ૨૬ જાન્યુઆરીના રોજ ૭૭મા ગણતંત્ર દિવસની ઉજવણી ભવ્ય રીતે કરવામાં આવી હતી. સમગ્ર શાળા પરિસરમાં દેશભક્તિનો માહોલ જોવા મળ્યો હતો. સવારે ૯:૧૫ કલાકે ગરિમાપૂર્ણ રીતે ધ્વજવંદનનો કાર્યક્રમ યોજાયો હતો, જેમાં રાષ્ટ્રગાન સાથે તિરંગાને સલામી આપવામાં આવી હતી.

ધ્વજવંદન બાદ શરૂ થયેલા સાંસ્કૃતિક કાર્યક્રમોમાં વિદ્યાર્થીઓએ પોતાની અદભૂત પ્રતિભા દર્શાવી હતી. કાર્યક્રમમાં કેસીઓ વાદનની મધુર સુરાવલીઓ વચ્ચે હનુમાન ચાલીસા ડાન્સ અને 'જય હો' ગીત પર રોબોટિક્સ ડાન્સ રજૂ કરવામાં આવ્યો હતો, જે આકર્ષણનું મુખ્ય કેન્દ્ર રહ્યો હતો. પૂર્વ પ્રાથમિક વિભાગના નાના ભૂલકાઓએ ભારતના રાષ્ટ્રીય પ્રતિકો બનીને સ્ટેજ પર દેશની ઓળખ પ્રસ્તુત કરી હતી. તે જ રીતે ધોરણ ૧ થી ૮ ના વિદ્યાર્થીઓએ દેશભક્તિના મિક્સ ગીતો પર મનમોહક ડાન્સ રજૂ કરીને વાતાવરણને રાષ્ટ્રભક્તિથી તરબતર કરી દીધું હતું. આ અવસરે લાયન્સ ક્લબના પ્રમુખ અને સભ્યોની ગરિમામયી ઉપસ્થિતિ રહી હતી. તેમના હસ્તે રમતગમત ક્ષેત્રે શાળાનું નામ રોશન કરનાર ખેલાડીઓનું સન્માન કરાયું હતું. જેમાં તાલુકા કક્ષા, જિલ્લા કક્ષા અને ઈન્ટર ઝોન ફાઈનલિસ્ટ ખેલમહાકુંભના ખેલાડીઓનો સમાવેશ થાય છે. શાળા કક્ષાએ ખેલમહાકુંભમાં શ્રેષ્ઠ દેખાવ કરનાર વિદ્યાર્થીઓને પણ પ્રોત્સાહક ઈનામો આપી નવાજવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમને સફળ બનાવવામાં વાલીઓ, આમંત્રિત મહેમાનો અને ગ્રામજનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓની મહેનત અને શિક્ષકોના માર્ગદર્શનથી આયોજિત આ કાર્યક્રમની વાલીઓએ ખૂબ પ્રશંસા કરી હતી. કાર્યક્રમના અંતે એસ.જે. વિદ્યાસંકુલના આચાર્યશ્રી અને સમગ્ર શૈક્ષણિક સ્ટાફ દ્વારા કાર્યક્રમમાં પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે સહભાગી થનાર તમામ મહાનુભાવો અને વાલીઓનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

**એસ.જે. વિદ્યાસંકુલમાં ૨૬ જાન્યુઆરીની ભવ્ય ઉજવણી કરાઈ. ધ્વજવંદન બાદ બાળકોએ રોબોટિક્સ ડાન્સ અને હનુમાન ચાલીસા જેવી કૃતિઓ રજૂ કરી હતી. લાયન્સ ક્લબના સહયોગથી ખેલમહાકુંભના વિજેતા ખેલાડીઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરાયા હતા. શાળા પરિવારે સૌનો આભાર માન્યો હતો. રિપોર્ટ : જયેશભાઇ મોરી**